ज्ञानं संछिन्न संशयम्। ❖ मासिक ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.
❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૯ ❑ જુલાઈ - ૨૦૧૭ ❑ અંક : ૪૪૧
● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી
શ્રી સર્જન યુવક સંઘઃ પેટ્રન - આધારસ્તંભ : રૂ.૫૦૧ કે તેથી વધુ ❖ પગથાર: વાર્ષિક લવાજમ રૂ. ૫૦/- ❖ કિંમત : રૂ. ૫/-
કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.
Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com

## પ્રભાતનું પુષ્પ

કોઈએ કહેલું કે મોતી મેળવવાં હોય તો મહાસાગરની દોસ્તી બાંધવી એટલે નવાં વસ્ત્રો ધારણ કરીને મેં કિનારે ભટકવા માંડ્યું. વર્ષો સુધી મેં ભટક્યા કર્યું અને અનેક જાતના પથ્થરોના ટુકડા વીણ્યા. પણ ક્યાંય મોતી હાથમાં ન આવ્યું. પછી થયું કે અંદર ઝુકાવું. પણ મારાં કીમતી વસ્ત્રો ભીનાં થઈ જશે એવો મને ભય લાગ્યો અને મેં તો મારો જૂનો ક્રમ ચાલુ રાખ્યો. આખરે દિવસ-રાત કિનારે ભટકી ભટકીને થાકી ગયો. વસ્ત્રો પણ ફાટી ગયા અને હવે મને લાગ્યું કે અંદર ઝુકાવ્યા સિવાય છૂટકો નથી. એક દિવસ ભરતી આવી. મહાસાગર મસ્તીએ ચડ્યો અને મેં ઝુકાવ્યું.

થોડા દિવસ સુધી તો સપાટી ઉપર તર્યો પછી કોઈનો અવાજ મારે કાને આવ્યો : 'મૂર્ખ, સપાટી ઉપર તરનારાઓને કદી પણ મહામૂલી વસ્તુઓ મળતી નથી.'

હું તળિયે પહોંચ્યો અને હાથમાં એક છીપલી આવી. મોતી મળવાની આશા પ્રગટ થઈ. આનંદ સાથે કિનારે આવ્યો, ત્યાં છીપલીને વાચા આવી. એણે કહ્યું : 'હું તમારા હાથમાં આવી છું, પણ ઓ મરજીવા, મને ઉઘાડતો નહીં અને મારો ત્યાગ કરતો નહીં.'

માનશો ? મારા જેવો સુખી માણસ આ દુનિયામાં આજે કોઈ નથી, કારણકે મહાસાગરનો કિનારો છોડીને આજે હું આશાની ગુલાબી ધરતી પર ફરી રહ્યો છું. અહીં તો સદા મને ચારે બાજુ ઘૂઘવતી ભરતીનું જ સંગીત સંભળાયા કરે છે.

**વજુ કોટક** ('ચિત્રલેખા'ના સૌજન્યથી)

---

તારીખ - આજની જ.

પ્રતિ, તમોને જ
વિષય : જિંદગી અને તમે
ભાઈશ્રી / બહેનશ્રી,
હું ભગવાન...

આજે તમને બે શબ્દો લખવા માંગું છું. ધ્યાનથી વાંચજો. આજે તમારી જિંદગીના બધા જ પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય તેવો રસ્તો તમને બતાવવાનો છું. એટલું યાદ રાખજો મારે તમારી મદદની કોઈ પણ જગ્યાએ જરૂર પડવાની નથી. હું તમારી પાસે સીધો આવવાનો પણ નથી. તમારે ફક્ત નીચેના મુદ્દાઓ યાદ રાખવાના છે અને એ મુજબ પાલન કરવાનો પ્રયત્ન કરવાનો છે.

(૧) જિંદગી તરફથી એવી કોઈ સમસ્યા ઊભી થાય કે જે તમારાથી હલ ન થઈ શકે તો એને મારા નામની પ્રાર્થનાના પોસ્ટબૉક્સમાં મૂકી દેવી. એના ઉપર - ભગવાનને માટે - એવું અવશ્ય લખવું. એક વખત આ બૉક્સમાં સમસ્યા મૂક્યા પછી વારંવાર એને બહાર કાઢીને તપાસ્યા ન કરવું. એનું નિરાકરણ ચોક્કસ થશે, પણ હા! મારા સમયે, તમારા સમયે નહીં!

(૨) તમે ધંધાની કોઈ આફતમાં ઘેરાઈ જાવ તો મૂંઝવણ ન અનુભવશો. ફક્ત એવા માણસોને યાદ કરજો કે જેની પાસે ધંધો જ નથી.

(૩) ટ્રાફિકમાં ક્યારેય પણ ફસાવ તો અધીરા ન થશો. એવા લોકોને યાદ કરજો કે જેને માટે કાર ચલાવવી એ એક પરીકથાની વસ્તુ જેવું હોય.

(૪) તમારા શેઠ કે સાહેબ તમને ક્યારેક ખિજાય તો એવા માણસોનો વિચાર કરજો કે જેમના નસીબમાં કામ કે નોકરીમાં લખાયા જ ન હોય. જે સાવ બેકાર હોય.

(૫) તમારો એકાદ રવિવાર કે રજા ખરાબ જાય તો દુઃખી થવાને બદલે એવા લોકોનું સ્મરણ કરી લેજો કે જેને કુટુંબનું પેટ ભરવા માટે રોજેરોજ કપરી મજૂરી કરવી પડતી હોય. જેનો એક પણ રવિવાર રજાનો દિવસ જ ન હોય.

(૬) ક્યારેક વાહન વગર ચાલવાનું થાય તો અફસોસના બદલે બંને પગે જેને પેરાલિસિસ કે લકવો થયો હોય તેવી વ્યક્તિને યાદ કરજો. એમને એકાદ ડગલું પણ ચાલવા મળે તો એ લોકો કેટલો આનંદ પામે એનો વિચાર કરજો.

(૭) તમારી જિંદગીએ તમને શું આપ્યું છે એવો વિચાર કદીકેય આવે તો એવા લોકોને યાદ કરજો જે તમારા જેટલી ઉંમરે પહોંચ્યા જ ન હોય. એ પહેલાં જ જેને મૃત્યુ આંબી ગયું હોય.

(૮) કોઈ તમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે , તમારું અપમાન કરે, તમને નુકશાન પહોંચાડે તો પણ ખુશ એ વાતથી થજો કે તમે એ વ્યક્તિ નથી!

(૯) કોઈ દિવસ અરીસામાં એકાદ સફેદ વાળ જોઈ જાવ

તો કેન્સરથી પીડાતાં નાના બાળકો કે નાની ઉંમરની વ્યક્તિઓને યાદ કરજો કે જે પોતાને વાળ હોય તેવી આશા રાખતાં હોય.

અને છેલ્લે...

હું તમારા પ્રશ્નોનું નિરાકરણ કરીશ જ, વિશ્વાસ રાખજો પણ ત્યાં સુધીમાં જો તમને આ બાબતો ગમી હોય તો તમારા મિત્રોને સગાંવહાલાંને મોકલજો અને એમનો દિવસ પણ સુધારજો અને એ લોકો પણ નિશ્ચિંત થઈ જાય તેવું કરજો.

- લિ. ભગવાન

## શ્રાવણ માસથી શરૂ થતાં તહેવાર

| તહેવાર | તારીખ | વાર |
|---|---|---|
| દિવાસો | ૨૩-૭-૨૦૧૭ | રવિવાર |
| શ્રાવણ માસ પ્રારંભ | ૨૪-૭-૨૦૧૭ | સોમવાર |
| નાગપંચમી | ૨૭-૭-૨૦૧૭ | ગુરૂવાર |
| રાંધણ છઠ | ૨૮-૭-૨૦૧૭ | શુક્રવાર |
| શીતળા સાતમ | ૨૯-૭-૨૦૧૭ | શનિવાર |
| નોળી નોમ | ૧-૮-૨૦૧૭ | મંગળવાર |
| રક્ષાબંધન (બળેવ) | ૭-૮-૨૦૧૭ | સોમવાર |
| જન્માષ્ટમી, આઝાદી દિન | ૧૫-૮-૨૦૧૭ | મંગળવાર |
| શ્રાવણ માસ સમાપ્ત | ૨૧-૮-૨૦૧૭ | સોમવાર |
| કેવડા ત્રીજ | ૨૪-૮-૨૦૧૭ | ગુરૂવાર |
| ગણેશ ચતુર્થી | ૨૫-૮-૨૦૧૭ | શુક્રવાર |
| ઋષિ પંચમી | ૨૬-૮-૨૦૧૭ | શનિવાર |
| દુર્ગાષ્ટમી, ધરો આઠમ | ૨૯-૮-૨૦૧૭ | મંગળવાર |
| આનંદ ચૌદશ | ૫-૯-૨૦૧૭ | મંગળવાર |
| શ્રાધ્ધ પક્ષ પ્રારંભ | ૬-૯-૨૦૧૭ | બુધવાર |
| જગા તેરસ | ૧૭-૯-૨૦૧૭ | રવિવાર |
| સર્વ પિતૃ અમાસ | ૨૦-૯-૨૦૧૭ | બુધવાર |

**તહેવારોની શુભકામનાઓ**

## વિનંતી

વિદ્યાર્થી ભાઈ-બહેનોને વિનંતી કરવામાં આવે છે કે વિવિધ શૈક્ષણિક પારિતોષિક અને શિષ્યવૃત્તિ માટે અને **પગથાર**માં પ્રકાશન માટે શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૭-૨૦૧૮ વર્ષની પરીક્ષાઓના આપના પરિણામની પ્રમાણિત નકલ તુરંત મોકલવા વિનંતી છે. પગથારમાં ધો. ૧૦ અને તેની ઉપરની કક્ષાઓના પરિણામો પ્રગટ થાય છે અને શ્રી સર્જન યુવક સંઘ તરફથી વિવિધ પારિતોષિકો ધો. ૫ થી અપાય છે. S.S.C. અને H.S.C. માં ૭૦% (overall) કે વધુ ગુણાંક અને ગ્રેજ્યુએશનમાં ૬૦% કે વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોના ફોટા અને પરિચય પ્રગટ થાય છે. S.S.C. (Matriculation, I.C.S.E., C.B.S.C., ધો-૧૦) અને H.S.C. (હાયર સેકેંડરી - સેન્ટ્રલ બોર્ડ) પરીક્ષાઓ માટેના પારિતોષિકો અને "પગથાર"માં પ્રગટ થનારા વિદ્યાર્થીભાઈ-બહેનોના ફોટા-પરિચય ફક્ત Overall % ગુણાંક જ ગણતરીમાં થાય છે.

### વિશેષ વિનંતી

(૧) H.S.C. માર્કશીટની બંને બાજુની નકલ મોકલશો જેથી વિષયના નંબર સાથે વિષયના નામની જાણકારી મેળવી શકાય (૨) ફોટાની પાછળ અને માર્કશીટની ઉપર વિદ્યાર્થી ભાઈ-બહેનનું પુરૂં નામ-માતા અને પિતાનું પુરૂ નામ-ગામ લખવા વિનંતી છે જેથી પરિચયમાં સરળતા રહે.

**સંપર્ક : શ્રી સર્જન યુવક સંઘ**

૬, ગુરુકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી,
નવવિકાસ સોસાયટી, નવાગાંવ ટેકરી,
ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિંસર (વેસ્ટ),
મુંબઈ-400068.

**શ્રી હરીહરભાઈ પ્ર. વ્યાસ**

મુક્તાગંન, ૧૬, ગંગોત્રી સોસાયટી, બળવંતપુરા.
હિંમતનગર,
જિ. સાબરકાંઠા - 383001.


અનીરૂધ્ધ વા. જપી

**રસોઈ કામ માટે**

**જય અંબે કેટરર્સ**

M. (O) **9427803175**
(O) **9725538987**

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

**ઓફીસ : મેઈન બઝાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**

**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર, વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે, (C.T.M.) અમદાવાદ 380026**






**જીવનમાં મુંજવતા દરેક પ્રશ્નોના ઉકેલ માટે**
**તથા**
**સુખશાંતિ અને સમૃધ્ધિ પ્રાપ્તિ માટે સંપર્ક કરજો**
**નવચંડીહવન, શ્રીમદભાગવતકથા, લઘુરૂદ્ર તથા અન્યવિધિ કરવામાં આવશે**
**સંપર્ક**
**સ્વામી પ્રણવાનંદગીરીજી મહારાજ**
B ૩/૧, ગ્રાઉન્ડ ફ્લોર, ખજુરીયા નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - 400067.
ફોન M. (0) 9920961768, (0) 9820861768
Email : astrology768@gmail.com / swamipranvanandgirijimaharaj.com

## શતં જીવ શરદ:

**('સર્જન'ના સભાસદો અને /અથવા પેટ્રન-આધારસ્થંભ દાતા)**

| | | | |
|---|---|---|---|
| શ્રી દેવદત્ત ભોગીલાલ રાવલ | આગલોડ | ૧૧મી જુલાઈ | 09881731065 |
| શ્રી ચંદ્રકાન્ત ગંગારામ જોષી | આગલોડ | ૧૧મી જુલાઈ | (02772) 235455 |
| શ્રી જીગર નરેન્દ્રભાઈ ઉપાધ્યાય | જામળા | ૧૧મી જુલાઈ | 09825400170 |
| સુશ્રી હેમાબેન પરિમલભાઈ ભટ્ટ | આગલોડ | ૧૨મી જુલાઈ | 9820612636 |
| સુશ્રી દીપલ પ્રશાન્ત હીંગે | ખેડાવાડા-મુંબઈ | ૧૨મી જુલાઈ | 09820175589 |
| શ્રી ગજેન્દ્રભાઈ નર્મદાશંકર ત્રિવેદી | આગલોડ-અમદાવાદ | ૧૩મી જુલાઈ | 09825985366 |
| સુશ્રી નમિતા તુષાર જપી | પ્રેમપુર | ૧૩મી જુલાઈ | 09619575888 |
| શ્રી કૌશલ યશવંતભાઈ જોષી | દેરોલ | ૧૫મી જુલાઈ | 09601776336 |
| સુશ્રી લીના અનીરૂધ્ધ જપી | સાચોદર | ૧૫મી જુલાઈ | (079)29094083 |
| શ્રી કમલેશ હસમુખલાલ વ્યાસ | દેરોલ | ૧૬મી જુલાઈ | 09427712475 |
| શ્રી મૌલિક પંકજભાઈ જપી | સાચોદર | ૧૬મી જુલાઈ | 09867450095 |
| કુ. કરીશ્મા મુકેશભાઈ જોષી | ઈલોલ | ૧૬મી જુલાઈ | (022)28994134 |
| શ્રી મીતેશ ભાલચંદ્રભાઈ ભટ્ટ | ઈલોલ | ૧૭મી જુલાઈ | 09821163601 |
| શ્રી પ્રદ્યુમ્નભાઈ જગન્નાથ જપી | પ્રેમપુર | ૧૭મી જુલાઈ | 09377405921 |
| શ્રી દુષ્યંત જયકાન્તભાઈ જોષી | દાવડ | ૧૮મી જુલાઈ | 09920365789 |
| ચિ.દિયા નીલાંગ જોષી | આગલોડ | ૧૮મી જુલાઈ | 09029821465 |
| શ્રી જીતેન્દ્રભાઈ વિદ્યાશંકર જપી | સાચોદર | ૨૧મી જુલાઈ | 08655963860 |
| શ્રી દેવાંગ ધનંજયભાઈ પાઠક | ખેડાવાડા | ૨૧મી જુલાઈ | 09969017491 |
| શ્રી જગદીપભાઈ અમૃતલાલ વ્યાસ | દેરોલ | ૨૧મી જુલાઈ | 09904709812 |
| શ્રી હરેનભાઈ દામોદરદાસ મહેતા | દાવડ | ૨૨મી જુલાઈ | 09427813111 |
| શ્રી કૌશિકભાઈ ઉમાશંકર ત્રિવેદી | આગલોડ-મુંબઈ | ૨૨મી જુલાઈ | (022)65061201 |
| શ્રી દુષ્યંત મહેશભાઈ જાની | આગલોડ | ૨૨મી જુલાઈ | 09867751054 |
| શ્રી મનુભાઈ ગોરધનદાસ સોની | મુંબઈ | ૨૩મી જુલાઈ | -- |
| શ્રી આશીષ ગજાનનભાઈ પાઠક | ખેડાવાડા | ૨૪મી જુલાઈ | 09892142970 |
| શ્રી નીખીલ હર્ષદભાઈ ભટ્ટ | બેરણા-અમદાવાદ | ૨૪મી જુલાઈ | 09377770136 |
| કુ. જીલ જીગ્નેશ જોષી | ઈલોલ | ૨૪મી જુલાઈ | 09427689111 |
| સુશ્રી ભારતીબેન નલીનભાઈ ભટ્ટ | ઈલોલ | ૨૫મી જુલાઈ | (079)2644407 |
| શ્રી શીરીષભાઈ વાસુદેવ ભટ્ટ | આગલોડ | ૨૬મી જુલાઈ | 09586814554 |
| શ્રી અલ્કેશ ચંદ્રકાન્ત જોષી | આગલોડ | ૨૬મી જુલાઈ | 09920757677 |
| શ્રી ચિરાગ ભરતભાઈ જોષી | દાવડ | ૨૬મી જુલાઈ | 09601271296 |
| શ્રી જયકાંતભાઈ મણીલાલ જોષી | દાવડ | ૨૭મી જુલાઈ | 09819621997 |
| શ્રી રમણલાલ ગીરીજાશંકર રાવલ | પ્રેમપુર | ૨૭મી જુલાઈ | -- |
| શ્રી જતન દીપકભાઈ પાઠક | ખેડાવાડા | ૨૭મી જુલાઈ | (022)28962640 |
| સુશ્રી મીરા મનીષ જોષી | મોયદ | ૨૯મી જુલાઈ | 09624680160 |
| શ્રી ભાવીક સુભાષભાઈ ઉપાધ્યાય | કડોલી | ૨૯મી જુલાઈ | 09925430212 |
| શ્રી વિમલ અનીરૂધ્ધભાઈ રાવલ | આગલોડ | ૨૯મી જુલાઈ | 09328262681 |
| શ્રી સુરેન્દ્રભાઈ ત્રીકમલાલ ઠાકર | પેઢામલી | ૩૦મી જુલાઈ | 09869081377 |
| શ્રી શંકરલાલ વિઠ્ઠલદાસ ભટ્ટ | આગલોડ | ૩૧મી જુલાઈ | 09726587006 |
| ડૉ.શ્રી ધીરેન્દ્રભાઈ ડાહ્યાલાલ જોષી | દેરોલ | ૧લી ઓગસ્ટ | 09825021828 |
| શ્રી શૈલેશભાઈ વાસુદેવ પંડ્યા | કડોલી | ૧લી ઓગસ્ટ | 09978087519 |
| સુશ્રી હંસુબેન કનૈયાલાલ વ્યાસ | દાવડ | ૧લી ઓગસ્ટ | (02778)277215 |
| શ્રી અશોકભાઈ નર્મદાશંકર જોષી | જામળા | ૨જી ઓગસ્ટ | 09825048988 |
| શ્રી આશીષ હરેનભાઈ મહેતા | દાવડ | ૨જી ઓગસ્ટ | 09427813111 |
| શ્રી પ્રિતેશ લલીતભાઈ પંડયા | જામળા-હિંમતનગર | ૨જી ઓગસ્ટ | -- |
| સુશ્રી નમ્રતા રાજ પંડયા | સંઘપુર-મુંબઈ | ૪થી ઓગસ્ટ | (022)26710368 |
| શ્રી મનોજસેન જયંતિલાલ ઠાકર | પ્રેમપુર | ૫મી ઓગસ્ટ | 09323187309 |
| શ્રી અનીલ મનહરલાલ મહેતા | બેરણા-અમદાવાદ | ૫મી ઓગસ્ટ | -- |
| શ્રી પ્રણવ ધનજંયભાઈ જપી | સાચોદર | ૬ઠ્ઠી ઓગસ્ટ | 09790700666 |
| શ્રી તુષાર રવિન્દ્રભાઈ જાની | દેરોલ | ૬ઠ્ઠી ઓગસ્ટ | 09898916945 |
| શ્રી પ્રિયવદનભાઈ કૃપાશંકર ભટ્ટ | આગલોડ | ૭મી ઓગસ્ટ | 09664891962 |
| શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ | દેરોલ | ૭મી ઓગસ્ટ | 09322230341 |
| સુશ્રી વસુમતીબેન ભરતભાઈ જપી | સાચોદર | ૭મી ઓગસ્ટ | (022)28910780 |
| શ્રી ધવલ દેવેન્દ્રભાઈ જોષી | દેરોલ | ૭મી ઓગસ્ટ | 09879838392 |
| શ્રી સુનીલભાઈ નવિનચંદ્ર જોષી | આગલોડ | ૭મી ઓગસ્ટ | 09869182563 |
| સુશ્રી જાગૃતી દુષ્યંત જોષી | દાવડ | ૮મી ઓગસ્ટ | 09920365789 |
| શ્રી યોગેશ રજનીકાંત વ્યાસ | દાવડ | ૯મી ઓગસ્ટ | 09699499780 |
| શ્રી જયેન્દ્રભાઈ ભોગીલાલ વ્યાસ | આગલોડ-અમદાવાદ | ૧૦મી ઓગસ્ટ | 09924926768 |

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન. 'સર્જન'ના સભાસદો અને/અથવા પેટ્રન-આધારસ્થંભ દાતા છે પણ આ વિભાગમાં જેઓના નામ પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે **'સર્જન'ના સભાસદોના અને**/અથવા **પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થાય છે.** આજીવન સભાસદ ફી રૂા.૫૦૧/- અથવા પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા વિનંતી છે.

## વિનંતી

''**પગથાર**'' માં પ્રતિમાસ પ્રત્યેક લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર ક્યારેક વિવિધ સ્થળોએથી સાંપડે છે અને ક્યારેક મેળવવામાં આવે છે. આવા પ્રત્યેક મંગલ પ્રસંગોનું આમંત્રણ કાર્ડ અથવા કંકોત્રી ''**સર્જન-પગથાર**''ના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે જેથી પ્રત્યેક સમાચારોનું સંકલન સરળતાથી થઈ શકે અને તે સમાચાર '**પગથાર**'માં પ્રગટ કરી શકાય. આવા સહયોગની અમને અપેક્ષા છે.

## વિનંતી

આપશ્રી સર્જન યુવક સંઘ -પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચમાં રોકડ તથા ચેકથી દાન ભરી શકશો. આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર, બેંકનું નામ, રકમ અને તારીખ વિગેરે વિગતો જણાવવા અથવા આ મોબાઈલ નંબર ઉપર whatsapp ઉપર બેંકસ્લીપનો ફોટો મોકલવા વિનંતી છે અથવા તે બેંક સ્લિપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા અથવા શ્રી સર્જન યુવક સંઘના E-Mail ID ઉપર મોકલશો. બેંક સ્લીપ ઉપર ચેક નંબર, રકમ, તારીખ અને બેંકનું નામ લખવા વિનંતી છે.

**આપણા મંડળની ઓફીસે કવર મોકલતા ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.....**

શ્રી સર્જન યુવક સંઘ, - મુંબઈ ઓફિસ ઉપર કવર મોકલો તો કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે. કારણકે જો ઓફિસ બંધ હોય તો કવર પાછું જવાની પુરી સંભાવના રહે છે. આપનું કવર મંડળને વ્યવસ્થિત મળે અને પાછું ન જાય તે માટે નીચે મુજબ એડ્રેસ લખી મોકલવા વિનંતી છે. કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે.

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

**Website : www.pagthar.wordpress.com**

**E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com**

 સામે વાળી વ્યક્તિ જરા વધુ પડતી ભોળી હતી, એટલે જ તમે ચતુર કહેવાયા. એ વાત ભૂલતા નહીં 

## નોટબુકો
**શ્રી સર્જન યુવક સંઘ**

શ્રી સર્જન યુવક સંઘ તરફથી આપણા વિદ્યાર્થી ભાઈ બહેનોમા વિનામૂલ્યથી અથવા સસ્તાદરથી છેલ્લા ૪૪ વર્ષથી (સન ૧૯૭૩ થી) સતત એકધારૂં વિતરણ થતુ રહે છે. આ સન ૨૦૧૭ વર્ષમાં પણ આ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ આશરે ૨૫૦/૩૦૦ વિદ્યાર્થી ભાઈ બહેનોને આ લાભ આપવામાં આવ્યો છે. આ વર્ષે આ પ્રોજેક્ટમાં સ્વ.ગજાનનભાઈ ર. પાઠક પરિવાર, શ્રી રમેશભાઈ ગી.જપી, શ્રી વરૂણભાઈ પી. જપી, શ્રી જયકાન્ત મ. જોષી, શ્રી અરવિંદ પ્ર.વ્યાસ, શ્રી મયુર બ. પાધ્યા, શ્રી વિજયભાઈ અ. વ્યાસ, શ્રી દીપકભાઈ ક.પાઠક, સુશ્રી સુધાબેન ન. દેસાઈ, સુશ્રી અંજના વિ. જાની, શ્રી હીતેષ ગો. દવે, શ્રી દેવદત્ત ભો.રાવલ, શ્રી જગદીપ અ. વ્યાસ, ચિંતન ટૂર્સ, શ્રી જય તુ. પંડયા, શ્રી દિલીપભાઈ શં. ભટ્ટ, શ્રી હરેનભાઈ દા. મહેતા, શ્રી સનાતન ન. જોષી, શ્રી અશોકભાઈ ન. જોષી (હરીઓમ) વિગેરે તરફથી/મારફત દાન સંસ્થાને સાંપડેલ અને આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. આ વિતરણ વ્યવસ્થામાં સંસ્થાને શ્રી અશોકભાઈ ર. જોષી, શ્રી હરિહર પ્ર. વ્યાસ, શ્રી જશવંત અં. જોષી, શ્રી બીપીન અં. ઉપાધ્યાય, શ્રી મનસુખભાઈ સરવૈયા તથા શ્રી સ.સા. ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ તરફથી સહયોગ સાંપડયો હતો.

## વનવાસીઓમાં અનાજ-રોકડા-નોટબુકનું વિતરણ
**શ્રી સર્જન યુવક સંઘ**

શ્રી સર્જન યુવક સંઘ તરફથી આ વર્ષે વલસાડ-ધરમપુર પાસેના વનવાસી-આદીવાસી કુટુંબોમાં અનાજ તથા રોકડ રકમ અને તેમના વિદ્યાર્થી ભાઈ બહેનોમાં નોટબુકનું વિનામૂલ્યથી વિતરણ તા.૧૫-૬-૨૦૧૭ના રોજ ગામડાઓમાં કરવામાં આવ્યું હતું. ધરમપુર પાસેના પીપળખેડ, બોપી, નંદીગ્રામ, અને સાબરમાળ ગામડાઓની મુલાકાત લેવાઈ હતી અને ત્યાં વસતા આદીવાસી કુટુંબોમાં આ યોજનાનો લાભ આપી ફરજ અદા કરાઈ હતી. ગામના છેવાડે અથવા પહાડોમાં વસતા આ આદિવાસીઓમાં જીવન અને શીક્ષણની કોઈ પણ સવલતની યોજનાઓ પહોંચી નથી. શાળામાં વિજળીની પણ સવલત નથી. આ વનવાસીઓમાં શ્રી સર્જન યુવક સંઘ તરફથી વિશેષ ઉપયોગી થવાયું છે. આ વનવાસીઓમાં પ્રતિમાસ ઉપયોગી થતા બીસ્કીટકાકા શ્રી મનસુખભાઈ ગગલાણીને શ્રી જયકાન્ત મ. જોષી, શ્રી અશોકભાઈ ર. જોષી, શ્રી મનસુખભાઈ સરવૈયા, શ્રી વિનયભાઈ કાં. જાની અને શ્રી સીધ્ધાર્થ શી. ઠાકર તરફથી સહયોગ સાંપડયો હતો. સ્વ.કાન્તીલાલ મ. ઠાકરના સ્મરણાર્થે પણ દાતાના સહયોગથી આ વનવાસીઓને ઉપયોગી થવાયું હતું તથા શ્રી મનસુખભાઈ સરવૈયા, શ્રી સીધ્ધાર્થ શી. ઠાકરે નાસ્તાના પેકેટ્સ તથા એક શુભેચ્છક તરફથી રોકડ સહાય આ વનવાસીઓને અપાઈ હતી.

નંદીગ્રામ સેવા અને આરાધનાનું કેન્દ્ર છે. કવિ સ્વ.મકરંદ દવે અને કવિ કુંદનીકા કાપડીયાએ અંહી સેવા અને આરાધનાનું કેન્દ્ર રચ્યુ છે અને તેઓ છેલ્લા કેટલાય વર્ષીથી આ આદીવાસીઓમાં શિક્ષણ, જીવન, આરોગ્ય, ખેતી વિગેરેમાં ખુબ ઉપયોગી કાર્ય કરી રહ્યા છે.

પ્રતિમાસ પંદર તારીખે બીસ્કીટકાકા - શ્રી મનસુખભાઈ ગગલાણી અને શ્રી જયકાન્ત મ. જોષી આ આદીવાસીઓની રૂબરૂ મુલાકાત લે છે અને ઉપયોગી થઈ પડે છે. પ્રતિમાસ ઉપયોગી સેવા માટે પ્રતિમાસ આશરે રૂા.૪૦,૦૦૦/-ના ખર્ચનો અંદાજ છે.



## કન્યાદાન
**શ્રી સર્જન યુવક સંઘ**

શ્રી સર્જન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ જરૂરતના પરિવારોમાં કરીયાણા અને/અથવા પ્રતિમાસ રોકડ રકમ આપી સહાયરૂપ થવાય છે. આવા નીરાધાર પરિવારની કન્યાને કન્યાદાન આપી ઉપયોગી થઈ પડવાની ફરજ પણ અદા કરાય છે. આવી નીરાધાર કન્યાઓના કન્યાદાન માટે સુચન કરવા વિનંતી છે અને આ કન્યાદાનમાં ઉપયોગી થઈ પડવા સહુને વિનંતી છે.


શુભેચ્છા સહ...

**સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ**

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત

## "હિંમતનગર" ના લોકો

"હિંમતનગર" સંપૂર્ણપણે વર્તમાનકાળમાં જીવતું શહેર છે. આ શહેરને નથી ભૂતકાળનો બહુ ખાસ રંજ કે ખરખરો અને ભવિષ્યની બહુ બધી ફિકર. આ શહેરના લોકો ટાણે-કટાણે મજા કરી લેવામાં માને છે. અમુક લોકો રાતે ત્રણ વાગ્યે હાઈવેથી ચા પીને ઘરે જાય છે તો અમુક લોકો ત્રણ વાગ્યે હાઈવે ચા પીવા ઘરમાંથી બહાર નીકળે છે. ટૂંકમાં ગામ રેઢું ન રહેવું જોઈએ બસ ! જુદાં જુદાં ગામડાંમાંથી માઈગ્રેટ થઈને જુદી જુદી જાતના-ભાતના ને નાતના લોકોએ "હિંમતનગર" ને પચરંગી બનાવ્યું છે. એટલે જ તો "હિંમતનગર" નું કોઈ એક કલ્ચર નથી બસ. એ જ તો "હિંમતનગર" નું 'કલ્ચર' છે. "હિંમતનગર" ગુજરાતીઓનું અમેરિકા છે. "હિંમતનગર" માં કરોડ કરોડની ગાડીવાળા પણ મોજમાં છે તો રિક્ષાવાળો પણ ઉદાસ નથી. "હિંમતનગર" ગાડીઓના નંબર પણ GJ-9 થી આવે છે.

અહીં દરેક માણસ પોતાને પરવડે એવી મોજની ખોજ કરી લ્યે છે. એટલે જ તો આ શહેર રાતે નથી વધતું એટલું દિવસે વધે છે. "હિંમતનગર" માં અગિયારસો રૂપિયાની થાળી લગ્નપ્રસંગમાં જમાડવાવાળા કેટરિંગનું પણ ચાલે છે તો ફૂટપાથ પર પાણીપૂરી વેચનારો પણ ફ્રી નથી. અહીં ફૂટપાથ કોઈની પણ મંજૂરી વગર ચાની લારી માટે પાંચ પાંચ લાખમાં કોઈ પણ જાતના દસ્તાવેજ વગર મરદની મૂછ માથે વેચાઈ જાય છે. એકવાર નર્કમાં કેટલાક લોકો આરામથી વડલા હેઠે પાણાનું ઓશિકું કરીને ઘસઘસાટ સૂતા હતા. ચિત્રગુપ્તે યમરાજાને પૂછ્યું કે, "આ કોણ છે !" યમરાજ કહે. આ "હિંમતનગર" ના લોકો છે. સાલ્લા ગમે ત્યાં સેટ થઈ જ જાય છે !"

"હિંમતનગર" માં જે હાલે એ આખી દુનિયામાં ચાલે. "હિંમતનગર" વાસીઓ માટે લખેલી એક હળવીફૂલ વાત માણો. એક હાથમાં ફૂલડાં રાખે, બીજા હાથમાં ધોકો, સાવ અનોખા યાર અમારા "હિંમતનગર" ના લોકો. આંખોમાં સપનાં લઈ વહેલા ઊઠતા રોજ લોકો જ્યાં મસ્તી લૂંટાવનો કાયમ ગોતે મોકો સાવ અનોખા યાર અમારા "હિંમતનગર" ના લોકો... ! ગજબનું શહેર છે યાર આ "હિંમતનગર" રોડના એક કાંઠે તમને પૂર્ણ ભારતીય પોશાકવાળી સાડી સેંથાવાળી ગુજરાતણ સ્ત્રી જોવા મળે તો સામો કાંઠે બોલ્ડ ટાઈટ જીન્સ અને સ્લવીલેસ ટીશર્ટમાં કન્યા પણ જડી આવે. બસ સ્ટેન્ડ પર એક અજાણી છોકરીએ બારી બહાર ડોકું કાઢી એક છોકરાને પૂછ્યું કે, "ક્યું શહેર છે" છોકરો કહે, "ફ્રેન્ડશિપ કર તો કહું !" છોકરી હસીને બોલી કે સમજાઈ ગ્યું "હિંમતનગર" આવી ગ્યું ! જમીનના જ્યાં ભાવ છે માણસ કરતાં મોંઘા, શીંગ રેવડી જેટલા થઈ ગયા શેરદલાલો સોંઘા, ભાવ અને સ્વભાવ ગયા છે ઊંચા એને રોકો, સાવ અનોખા યાર અમારા "હિંમતનગર" ના "હિંમતનગર" નું પાણી થોડું વટવાળું છે. કો'ક કરોડનું ફુલેકું ફેરવે તોય એની ગામ નોંધ ન લ્યે; અને અડધીયાનો આગ્રહ ન કરો તો ખોટું લાગી જાય. અહીંયા લોકો સૂઝથી નહીં પણ સેન્ટિમેન્ટ્સથી ધંધો કરે છે. અહીંયા મોંઘાંદાટ લગ્નો થાય ઈ તો સમજ્યા... પણ કરોડ કરોડ રૂપિયા પ્રાર્થના સભા કે સાદડીના સામિયાણાના પણ લોકો ચૂકવે છે. "હિંમતનગર" ના લોકોને મૌત પણ શાનદાર જ ખપે છે. મોંઘેરી ગાડી નખરાળી લાડી લઈને ભમવું. ગામ આખાને રવિવારની સાંજે બહાર જ જમવું; ફેશન પહેરી નીકળી ગયેલા જુવાનીયાને ટોકો. સાવ અનોખા યાર અમારા "હિંમતનગર" ના લોકો. સેવાના અવતાર સમી છે જ્યાં સંસ્થાઓ સધ્ધર સ્વાભિમાનથી જેના લોકો હાલે વેંત એક અધ્ધર. સાવ અનોખા યાર અમારા "હિંમતનગર" ના લોકો.


ભરત પટેલ
M (O) 09586826814

દેવાંગ પંડ્યા
M (O) 9879034149

**જે.કે.એન્ટરપ્રાઈઝ**

ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા

મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)

Email : dev_pandya1989@yahoo.com

With Best Compliments From :



**ARYANIVAS**

**RESIDENTAL HOTEL**

KALBADEVI ROAD, MUMBAI - 400 002.

PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.


 સ્મશાનમાં માણસોને હાજરી પુરવાનો ઉમખકો છે... ક્યાં હતા એ..જ્યારે અંદરથી સળગતો હતો ? 

## બ્રાહ્મણ સેવા સમાજ

### પરિચય મેળો

બ્રાહ્મણ સેવા સમાજ તરફથી ૯૧મા લગ્નોત્સુક યુવક યુવતીઓનો પરીચય મેળાનું આયોજન તા.૧૦-૯-૨૦૧૭, રવિવારના રોજ યોજાયેલ છે. આ પરીચય મેળો અસ્પી ઓડીટોરીયમ, મલાડ, મુંબઈમાં યોજાયેલ છે. આ પ્રસંગે ઉમેદવારોની માહીતી આપતી પુસ્તિકા અને સીડી પ્રસિધ્ધ કરાશે જે દરેક ઉમેદવારને વિનામુલ્યથી અપાશે. પ્રવેશ ફી રૂા.૮૦૦/- છે. ઉમેદવાર સાથે બે વાલીને વિનામુલ્યથી પ્રવેશ અપાશે. નામ નોંધાવવા અને વધુ માહીતી માટે શ્રી અલ્કેશભાઈ વ્યાસ ફોન (0) 9819673665 અથવા સુશ્રી ગીતાબેન ફોન (022) 28613678 અથવા શ્રી જયકાન્ત મ. જોષી ફોન (0) 9819621997નો સંપર્ક કરવા વિનંતી છે.

### જનકલ્યાણ

શ્રી સર્જન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ જરૂરિયાતવાળા કુટુંબોમાં પ્રત્યેકને ૮૦ કિલો ઘંઉ આપવામાં આવે છે. મે-૨૦૧૭ માસમાં આવા પ્રત્યેક જરૂરતવાળા કુટુંબોમાં પ્રત્યેકને ૮૦ કિલો ઘઉં ઉપરાંત ચોખા, ઘી, સાકર, તુવરદાળ, ગોળ, મીઠું, મરચું, કેરી વિગેરે અપાયા હતા. આ યોજનામાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સ્વ.જયદેવભાઈ જેઠાલાલ પંડયાના સ્મરણાર્થે સુશ્રી રમાબેન જયદેવભાઈ પંડયા તરફથી ૮૦ કિલો ઘંઉ સંસ્થાને ભેટ આ આયોજનમાં સાંપડયા હતા.

### ભોજનદાન

સુશ્રી રમાબેન જયદેવભાઈ પંડયા (કડોલી-મુનપુર) તરફથી રૂા.૫૦૦/- હીંમતનગરની સીવીલ હોસ્પિટલના દર્દીઓને ભોજન આપવા માટે શ્રી સર્જન યુવક સંઘને સાંપડયા હતા અને તે દાતાની વિનંતી અનુસાર સ્વ.જયદેવભાઈ જેઠાલાલ પંડયાના સ્મરણાર્થે ભોજન આપવામાં આવ્યું છે.




## સત્તાવીસમી પૂણ્યતિથી

**તા. ૨૧-૦૭-૧૯૯૦**

## સ્વ. સરોજબેન પરિમલ ભટ્ટ



With your blessing, I will shoulder the responsibility of being a Dadaji, Bapuji, Beta, Nephew & Bhai. I Feel your presence because I can see your soul around my Dada, In my Dada - Not a breath without your throughts. A miracle I await to have you arround me. See a flicker in your eyes - be with us always.

❖ ❖ ❖

તમારા આશીષથી, દાદાજી, બાપાજી, બેટા, ભત્રીજા અને ભાઈના સ્વરૂપમાં હું જવાબદારી સંભાળીશ. તમારા સ્મરણ-વિચાર વિના મારા દાદા (પપ્પા) ની આસપાસ તમારા આત્માનો સદા સંગાથ હોય છે. મારી આસપાસ પણ તમારી ઉપસ્થિતિ રહે તેની પ્રાર્થના કરું છું. તમારી આંખોના પલકારા મને દેખાય છે જે સદા મારી સમક્ષ રહેશે

**દેવ દેવવ્રત ભટ્ટ અને પરિવાર**

**DEV DEVAVRAT BHATT & FAMILY**

# ઉપવનનાં પુષ્પ

## સ્વપ્નાને સફળતાની પાંખ અભિનંદન...

S.S.C. (Matriculation, I.C.S.E., C.B.S.E.) ધો. ૧૦ તથા ધો. ૧૨ (હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) અને Graduation પરીક્ષાઓ માટેના પરિણામોમાં 'પગથાર'માં પ્રગટ થયેલ વિદ્યાર્થી ભાઈ બહેનોના ફોટા અને પરિચય ફક્ત Overall % ગુણાંક જ ગણતરીમાં લેવાયા છે એ નોંધવા વિનંતી છે. આ વિભાગમાં S.S.C. (Matriculation, I.C.S.E., C.B.S.E.) ધો. ૧૦ તથા ધો. ૧૨ (હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ)ની પરીક્ષામાં Overall 70% કે તેથી વધુ અને ગ્રેજ્યુએશનમાં Overall 60% કે તેથી વધુ વિદ્યાર્થી ભાઈબહેનોના ફોટાઓ અને પરિચય પ્રગટ થાય છે એ નોંધવા વિનંતી છે.

### ડૉ.શ્રી મીતુલ અતુલકુમાર દવે



સુશ્રી સોનલ તથા શ્રી અતુલકુમાર ભાનુપ્રસાદ દવે (ભુજ)ના સુપુત્ર અને શ્રી રમણીલાલ ગીરિજાશંકર રાવલ (પ્રેમપુર)ના દોહીત્ર ડા.શ્રી **મીતુલ**ને મહારાષ્ટ્ર યુનીવર્સીટી ઓફ હેલ્થ સાયન્સની M.B.B.S. Bachelor of Medicine & Bachelor of Surgery ની ડીગ્રી તાજેતરમાં એનાયત થઈ છે. મીતુલએ S.S.C. પરીક્ષામાં વિવિધ પારિતોષિકો મેળવ્યા છે. સ્વીમીંગ અને વાંચન એનો શોખ છે. S.S.C. માં એને ૯૫% ગુણાંક મેળવ્યા હતા. પોતાની કારકીર્દીની સફળતાનો યશ માતા-પિતા તથા ઈશ્વરની કૃપાને ગણાવે છે. હવે તે M.D. માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે અને Entrance Exam ની તૈયારીઓ એને કરી છે. ઉચ્ચ અભ્યાસમાં તે Medicines માં M.D. ડીગ્રી મેળવવા ઈચ્છે છે.

### શ્રી સૌરભ ઈન્દ્રવદન જોષી



સુશ્રી કલ્પના તથા શ્રી ઈન્દ્રવદન દેવશંકર જોષી (ઈલોલ)ના સુપુત્ર **શ્રી સૌરભ** સીક્કીમ મનીપાલ યુનીવર્સીટીની M.B.A.ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. સતત અભ્યાસ અને સહુ વડીલોના આશીષથી જ આ સફળતા મેળી છે એમ સૌરભ કહે છે.

### શ્રી જય અતુલકુમાર દવે



સુશ્રી સોનલ તથા શ્રી અતુલકુમાર ભાનુપ્રસાદ દવે (ભુજ)ના સુપુત્ર અને શ્રી રમણીલાલ ગીરિજાશંકર રાવલ (પ્રેમપુર)ના દોહીત્ર શ્રી **જય**એ ગુજરાત ટેક્નોલોજીકલ યુનીવર્સીટીની B.E. (Civil Engineer) પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં જયએ C.G.P.A ૮.૩૦ ગ્રેડ ગુણાંક મેળવ્યા છે. રમત અને સ્વીમીંગમાં જયને રૂચી છે. આ સફળતાનું શ્રેય તે મમ્મી-પપ્પાને આપે છે.

### કુ.રીધ્ધી મનીષ જોષી



સુશ્રી મીરા તથા સ્વ.મનીષ દીલીપભાઈ જોષી (મોયદ)ની સુપુત્રી **કુ.રીધ્ધી**એ ગણપત યુનીવર્સીટીની B.Sc. (Biotechnology) ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં ૭-૫૧ (C.G.P.A. for Award of Degree) ૭.૪૨ (C.G.P.A) ગુણાંક મેળવી રીધ્ધીએ સફળતા મેળવી છે. આ ડીગ્રી કોર્સના છ એ છ સીમેસ્ટરમાં પ્રતિવર્ષ તેણી ડીસ્ટીંક્શન મેળવેલ છે. રીધ્ધી હવે Master ડીગ્રી મેળવવા ઈચ્છે છે અને તે માટે તેણી ચાંગા ચરોતર યુનીવર્સીટી નડીયાદમાં પ્રવેશ લેશે.

### કુ.આરતી અનીરૂધ્ધ ઠાકર



સુશ્રી આશા તથા શ્રી અનીરૂધ્ધ પુનમલાલ ઠાકર (પેઢામલી)ની સુપુત્રી **કુ.આરતી**એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીની B.Sc. (Botany) ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં overall ૭૨% (C.G.P.A ૬.૯૯) ગુણાંક (First Class) મેળવી આરતીએ સફળતા મેળવી છે.

### કુ.આયુષી ચેતન જોષી



સ્વ.ચેતન હરગોવિંદદાસ જોષી (દાવડ)ની સુપુત્રી અને સ્વ.ચીમનલાલ ગીરધરલાલ જોષી (મોયદ)ની દોહિત્રી **કુ.આયુષી**એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીની B.Sc.ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં overall ૬૬% (C.G.P.A ૬.૭૦) ગુણાંક મેળવી આયુષીએ સફળતા મેળવી છે. ઉચ્ચ અભ્યાસ માટે તે M.Comમાં પ્રવેશ લેવા ઈચ્છે છે.

### શ્રી કીશન હીતેશ રાવલ



સુશ્રી ભક્તિ તથા શ્રી હિતેશ રામશંકર રાવલ (પ્રેમપુર)ના સુપુત્ર **શ્રી કિશન**એ કડી સર્વ વિશ્વવિદ્યાલયની LDRP Institute of Technology & Researchમાંથી B.E. (Automobile)માં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. તેણે આઠમા અને છેલ્લા સીમેસ્ટરમાં SPI ૭.૯૬ અને CGDA (overall) ૭.૧૭ (૬૯.૮૦%) ગુણાંક મેળવ્યા છે. મમ્મી-પપ્પાના સહયોગ, દાદા-દાદીના અને નાના-નાનીના આશીષથી જ આ સફળતા મળી છે એમ કિશન માને છે.

### શ્રી શ્રેય મીતેશ વ્યાસ



સુશ્રી પારૂલ તથા શ્રી મીતેશ ભગવતીપ્રસાદ વ્યાસ (અમદાવાદ)ના સુપુત્ર અને શ્રી હરામુ ખલાલ રેવાશંકર પાઠક (ખેડાવાડા)ના દોહીત્ર **શ્રી શ્રેય**એ ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટીની B.E પરીક્ષા તાજેતરમાં CGPA ૮.૧૧(CPG ૭.૭૦, SPI ૮.૮૦) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે.

# ઉપવનનાં પુષ્પ

### શ્રી મનન કમલ ભટ્ટ



સુશ્રી જયશ્રી તથા શ્રી કમલ મુળશંકર ભટ્ટ (આગલોડ)ના સુપુત્ર **શ્રી મનન**એ ગણપત યુનીવર્સીટીની B.Tech. (Marine Engineering)ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં ૭.૨૦ (CGPA) (S.G.P.A ૭.૯૬) ગુણાંક મનનએ મેળવ્યા છે.

### સુશ્રી આરતી ગીરીશ ઉપાધ્યાય



સુશ્રી મીના તથા શ્રી ગીરીશ કરૂણાશંકર ઉપાધ્યાય (બેરણા)ની સુપુત્રી અને સ્વ.જનક અનીલ (અરવિંદ)ભાઇ જપી (પ્રેમપુર)ની પત્ની **સુશ્રી આરતી**એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીની B.A. પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં overall ૬૧.૩૮% (First Class) ગુણાંક આરતીએ મેળવ્યા છે.

### કુ.ઉર્મી હીરેન પાધ્યા



સુશ્રી પુર્વી તથા શ્રી હીરેન અચુભાઈ પાધ્યા (જામળા)ની સુપુત્રી **કુ.ઉર્મી**એ સેંટ્રલ બોર્ડની SSCE (XII)ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં ઉર્મીએ overall ૯૨.૪૦% ગુણાંક મેળવ્યા છે. આ પરીક્ષામાં Painting માં ૧૦૦%, Political Scienceમાં ૯૫% અને Fashion Studies માં ૯૬% ગુણાંક તેણે મેળવ્યા છે.

### શ્રી ધ્રુવ અમિત પંડ્યા



સુશ્રી ભારતી તથા શ્રી અમિત જયંતિલાલ પંડ્યા (જામળા)ના સુપુત્ર **શ્રી ધ્રુવ**એ ગુજરાત બોર્ડની H.S.C.(૧૨)ની પરીક્ષામાં તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં ધ્રુવએ overall ૭૭.૬૯% ગુણાંક (PCB માં ૮૩.૩૩) (Percentile Rank ૯૦.૭૯%) મેળવ્યા છે. અભ્યાસ કારકીર્દી દરમ્યાન ધ્રુવએ ઘણા Medals મેળવ્યા છે. પોતાની સફળતાનો શ્રેય તે દાદા-દાદીના આશીર્વાદને આપે છે. તેના માતા-પિતા બંને શિક્ષક હોવાથી બાળપણથી જ તેઓ ધ્રુવના અભ્યાસમાં સહાયરૂપ અને સતત કાર્યરત રહ્યા છે. Biology ધ્રુવને પ્રિય વિષય છે. પોતાની કારકીર્દી Medical Line માં આગળ વધારવા તે ઇચ્છે છે. સતત અભ્યાસ, પરિશ્રમ અને વડીલોના આશીર્વાદથી જીવનમાં બધુ મેળવી શકાય છે એ તે માને છે.

### કુ.શિવાક્ષી કિરણભાઈ શાહ



સ્વ.અશ્વિનભાઈ મ. ઠાકર (પ્રેમપુર)ની દીકરી સૌ.શ્રી કોમલબેન તથા કિરણભાઇ દુર્લભદાસ શાહની સુપુત્રી **ચિ.શિવાક્ષી**એ તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડની CBSE (Science) (ધો.૧૨)ની પરીક્ષામાં Overall ૭૨.૪૦% ગુણાંકથી સફળતા મેળવી છે. આ પરીક્ષામાં Physical Education માં શિવાક્ષીને ૯૩% ગુણાંક પ્રાપ્ત થયા છે. તેમજ Medical Entrance Exam NEET, AIIMS, JIPMER તથા MHCET માં પણ સફળતા મેળવી છે. આ સફળતાનું શ્રેય તેઓ વડીલોના આશીર્વાદ તેમજ માતા-પિતા અને ભાઈના સહયોગને આપે છે. શિવાક્ષી વિજ્ઞાન પ્રવાહમાં આગળ વધવા માગે છે. તે Photography, Singing તેમજ Sports માં વિશેષ રૂચી ધરાવે છે.

### કુ.વેરોનીકા અજીતકુમાર નાયર



સુશ્રી અલકા તથા શ્રી અજીતકુમાર નાયરની સુપુત્રી અને સુશ્રી સાવિત્રીબેન તથા સ્વ.અંબાલાલ પ્રભાશંકર પંડ્યા (સંપપુર)ની દોહીત્રી **કુ.વેરોનીકા**એ મહારાષ્ટ્ર બોર્ડની H.S.C.ની પરીક્ષા તાજેતરમાં Overall ૭૦.૧૫% ગુણાંક મેળવી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં Environment Education વિષયમાં વેરોનીકાએ ૯૪% ગુણાંક મેળવ્યા છે.

### કુ.રત્નમ ચિંતન મહેતા



સુશ્રી રાજેશ્રી તથા શ્રી ચિંતન બટુકરાય મહેતાની સુપુત્રી અને શ્રી મહેન્દ્રભાઈ અંબાલાલ ઉપાધ્યાય (જામળા)ની દોહીત્રી **કુ.રત્નમ**એ મહારાષ્ટ્ર બોર્ડની S.S.C.ની પરીક્ષામાં Overall ૯૪.૮૩ (Best of Five ૯૭%) ગુણાંકથી તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં રત્નમએ સંસ્કૃતમાં ૯૮% અને Social Science માં ૯૮%, ગુણાંક મેળવ્યા છે. રત્નમએ આ પરીક્ષામાં શાળામાં તથા ક્લાસમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. રત્નમએ એની સફળતાનો સંપૂર્ણ શ્રેય-યશ શ્રી કુળદેવી શિહોરીમાતા તથા પુજ્ય વડીલોના આશીર્વાદ-માતાપિતાની દોરવણી, સતત કાળજી તથા મોટાભાઈ ચિ.દિવ્યનું સતત માર્ગદર્શનને આપે છે. રત્નમએ કથક નૃત્યકળામાં ગાંધર્વ મહાવિદ્યાલયનો "મધ્યમા" સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ છે તે સંગીત-ક્લાસીકલ નૃત્યકળામાં વિશેષરૂચી ધરાવે છે. તેણે શાળાના તેમજ અન્ય સંસ્થાના નૃત્ય કાર્યક્રમોમાં ભાગ લીધો છે અને સન્માન મેળવ્યું છે રત્નમ ઉચ્ચ અભ્યાસમાં વિજ્ઞાનવિદ્યાના અભ્યાસમાં પ્રવેશ મેળવવા ઇચ્છે છે અને તેમાં પારંગત થવા ઇચ્છે છે રત્નમ જીવનમાં નીયમિતતા, એકાગ્રતા તેમજ સંપૂર્ણ આત્મવિશ્વાસ અને શ્રધ્ધામાં માને છે.

### કુ.હેલી મીતેષ પંડ્યા



સુશ્રી મીરા તથા શ્રી મીતેષ જશવંતભાઈ પંડ્યા (સંપપુર)ની સુપુત્રી **કુ.હેલી**એ સેન્ટ્રલ બોર્ડની ICSE (X) પરીક્ષા તાજેતરમાં Overall ૯૪% ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં તેણે હીન્દીમાં ૯૩%, History-Civics & Geography માં ૯૬%, Maths માં ૯૫%, Science માં ૯૪% અને Commercial Application માં ૯૭% ગુણાંક મેળવ્યા છે. હેલી આ પરીક્ષામાં માર્ગદર્શન આપનાર મમ્મી-પપ્પા, કુટુંબીજનો તથા સર્વનો આભાર માને છે, તેઓ સહુ જ આ સફળતાનું શ્રેય છે એમ હેલી કહે છે. પ્રવાસ અને વાંચનમાં હેલીને રૂચી છે.



સંબંધ એ નથી કે કોની પાસેથી સુખ મેળવો છો

# ઉપવનનાં પુષ્પ

### શ્રી રૂદ્ર જનક જોષી



સુશ્રી દર્શના તથા શ્રી જનક કિશોરભાઈ જોષી (દેરોલ)ના સુપુત્ર **ચિ.રૂદ્ર**એ સેન્ટ્રલ બોર્ડની ICSE (X)ની પરીક્ષા Overall ૯૨.૮૩% ગુણાંકથી તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે આ પરીક્ષામાં રૂદ્રએ હીન્દીમાં ૯૦%, History, Civics & Geography માં ૯૮%, Maths માં૯૫%, Science માં ૯૨% અને Commercial Application માં ૯૯% ગુણાંક મેળવ્યા છે શાળા સીવાય કોઈ ક્લાસ ભર્યા વિના રૂદ્રએ આ અભ્યાસ કર્યો છે અને મમ્મીનું વિશેષ માર્ગદર્શન રૂદ્રને સાંપડ્યું છે. સતત અભ્યાસ અને દાદા-દાદી અને નાના-નાનીના આશીર્વાદથીજ આ સફળતા મળી છે એમ રૂદ્ર માને છે. આ પરીક્ષામાં રૂદ્રને પોતાની શાળામાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત થયું છે શાળાએ પણ આ સફળતા માટે રૂદ્રને અભિનંદનભર્યું સન્માન આપ્યું હતું.

### કુ.નીરજા જીગ્નેશ શાહ



સુશ્રી જલ્પા તથા શ્રી જીગ્નેશ જીતેન્દ્રભાઈ શાહની સુપુત્રી અને સુશ્રી માલતીબેન તથા શ્રી અરૂણભાઈ ચુનીલાલ જોષી (આગલોડ)ની દોહીત્રી **ચિ.જલ્પા**એ સેન્ટ્રલ બોર્ડની ICSE (X)ની પરીક્ષા Overall ૯૦.૩૩% ગુણાંકથી તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં જલ્પાએ હીન્દીમાં ૯૧%, History-Civics-Geography માં ૯૧% અને Maths માં ૯૫% ગુણાંક મેળવ્યા છે. આંતરશાલીય વકૃત્વ સ્પર્ધામાં વરીષ્ઠ આયુવર્ગમાં નીરજાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

### શ્રી નીસર્ગ મનીષ રાવલ



સુશ્રી અર્ચના તથા શ્રી મનીષ રમણલાલ (પ્રેમપુર)ના સુપુત્ર **શ્રી નીસર્ગ**એ ગુજરાત બોર્ડની S.S.C. પરીક્ષા Overall ૮૮.૧૭% (Percentile Rank ૯૯.૧૩%) ગુણાંકથી તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં Science & Technologyમાં ૯૦%, Englishમાં ૯૩% અને સંસ્કૃતમાં ૯૩% ગુણાંક તેણે મેળવ્યા છે. ઉચ્ચ અભ્યાસ માટે ધો.૧૧માના સાયન્સ પ્રવાહમાં નીસર્ગે પ્રવેશ લીધો છે તે ડાક્ટર થવા ઈચ્છે છે.

### શ્રી રણવીર કિરણભાઈ શાહ



સ્વ.અશ્વિનભાઈ મ. ઠાકર (પ્રેમપુર)ની દીકરી સૌ.શ્રી કોમલબેન તથા કિરણભાઈ દુર્લભદાસ શાહના સુપુત્ર **ચિ.રણવીર**એ તાજેતરમાં ICSE (ધો.૧૦)ની પરીક્ષામાં Social Studyમાં ૯૧%, હિન્દીમાં ૯૪% તથા Best of five માં ૮૯% પ્રાપ્ત કરી Overall ૮૫.૮૩% ગુણાંકથી સફળતા મેળવી છે. રણવીરએ Manipal University દ્વારા યોજાયેલ All India Teenovetors સ્પર્ધામાં તેઓની Gokuldham School તરફથી પ્રતિનિધિત્વ કરી Mumbai માં તેઓની શાળાને પ્રથમ પારિતોષિક મેળવ્યું હતું. રણવીર સફળતાનું શ્રેય વડીલોના આશીર્વાદ, તેમજ માતા-પિતા તથા બહેનના સહયોગને આપે છે. રણવીર વિજ્ઞાન પ્રવાહમાં આગળ વધવા માગે છે. તેઓ Computer Science તથા

### કુ.રૂતુજા જયેશ પંડ્યા



સુશ્રી ગાયત્રી તથા શ્રી જયેશ રમણિકલાલ પંડ્યા (કડોલી)ની સુપુત્રી **કુ.રૂતુજા**એ મહારાષ્ટ્ર બોર્ડની S.S.C. પરીક્ષા તાજેતરમાં Overall ૮૫.૬૭% (Best of Five ૮૭.૨૦%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં Hindi-Frenchમાં ૯૨% અને Mathsમાં ૯૫% ગુણાંક તેણે મેળવ્યા છે. રૂતુજા કોમર્સમાં ગ્રેજ્યુએશન કરવા ઈચ્છે છે. મહાદેવ, દાદા-દાદી તથા મમ્મી-પપ્પાના આશીષથી આ સફળતા પ્રાપ્ત થઈ છે એમ તે માને છે.

### કુ.જીલ ગૌતમ દવે



શ્રી અશોકભાઈ રમણીકલાલ જોષી (દાવડ)ની દીકરી સુશ્રી સેજલ તથા શ્રી ગૌતમ હર્ષદરાય દવેની સુપુત્રી **કુ.જીલ**એ મહારાષ્ટ્ર બોર્ડની S.S.C. પરીક્ષા તાજેતરમાં Overall ૮૪%, (Best of Five ૮૬.૮૦%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં હીન્દીમાં ૯૧% ગુણાંક તેણે મેળવ્યા છે.

### શ્રી ધ્યાન હીરેન પંડ્યા



સુશ્રી ગોપીકા તથા શ્રી હીરેન દીલીપભાઈ પંડ્યા (કડોલી)ની સુપુત્ર **શ્રી ધ્યાન**એ ગુજરાત બોર્ડની S.S.C. પરીક્ષા તાજેતરમાં Overall ૮૨.૮૩%, (Percentile Rank ૯૭.૬૨%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં Mathsમાં ૯૧% ગુણાંક તેણે મેળવ્યા છે.

### શ્રી ધ્રુવ જાગૃત જાની



સુશ્રી રૂપાલી તથા શ્રી જાગૃત અનંતભાઈ જાની (દેરોલ)ના સુપુત્ર **શ્રી ધ્રુવ**એ I.C.S.E બોર્ડની ધો.-૧૦ની પરીક્ષા overall ૮૧.૧૭ (Best of five ૮૪.૮૦%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં હિન્દીમાં ૯૪% અને Computer માં ૯૦% ગુણાંક ધ્રુવએ મેળવ્યા છે. માતા વિન્ધ્યવાસિની તથા બાલરાજેશ્વર મહાદેવની કૃપાથી, મમ્મી-પપ્પાના માર્ગદર્શનથી અને આશીર્વાદથી અને નાની બહેનના હેતાળ સાથથી આ સિધ્ધિ તેણે પ્રાપ્ત કરી છે એ તે માને છે ધ્રુવ ઉચ્ચ અભ્યાસમાં Computer Subject સાથે સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરવા ઈચ્છે છે.

### શ્રી રૂદ્રદેવ વિણા જાની



**શ્રી રૂદ્રદેવ** તે વિણા મહાશંકર જાની (દેરોલ)ના સુપુત્રે ગુજરાત બોર્ડની S.S.C. પરીક્ષા તાજેતરમાં Overall ૭૮.૫૦%, (Percentile Rank ૯૬.૭૨%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ સફળતા માટે રૂદ્ર સતત અભ્યાસ, મમ્મીના માર્ગદર્શન અને નાના-નાનીના આશીષને શ્રેય આપે છે રૂદ્રદેવ ઉચ્ચ અભ્યાસ માટે Commerce માં પ્રવેશ લેવા ઈચ્છે છે.



સંબંધ તો એ છે કે કોના વિના કેટલી એકલતા અનુભવો છો

# ઉપવનનાં પુષ્પ

### શ્રી ઉજ્જવલ નયન ઠાકર



સુશ્રી કોમલ તથા શ્રી નયન બચુભાઈ ઠાકર (રિંગપુર)ની સુપુત્ર **શ્રી ઉજ્જવલ**એ ગુજરાત બોર્ડની S.S.C. પરીક્ષા તાજેતરમાં Overall ૭૦.૩૩%, (Percentile Rank ૮૯.૭૬%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. ઉજ્જવલ ઉચ્ચ અભ્યાસમાં C.A. થવા ઈચ્છે છે.

❑ નીચેના વિદ્યાર્થીભાઈ-બહેનોએ પણ નીચે પ્રમાણેની વિવિધ પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરી છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કુ.શ્વેતા કલ્પેશ ઉપાધ્યાય | બેરણા | B.A |
| ૨. | શ્રી પાર્થ ગૌતમ દવે | દાવડ-મોરબી | H.S.C |
| ૩. | કુ.માનસી જયેશ જપી | પ્રેમપુર | H.S.C |
| ૪. | કુ.ખુશી રાજેશ ઉપાધ્યાય | બેરણા | SSCE (XII) |
| ૫. | શ્રી કર્તવ્ય તેજસ જાની | દેરોલ | H.S.C |
| ૬. | કુ.યામીની આશીષ ઠાકર | દાવડ | H.S.C |
| ૭. | કુ. ઝીલ વિશાલ ત્રીવેદી | આગલોડ-દેરોલ | H.S.C |
| ૮. | શ્રી હેમંત ગજાનન ઠાકર | દાવડ | H.S.C |
| ૯. | શ્રી નીરજ જયેશ ઉપાધ્યાય | કડોલી | H.S.C |
| ૧૦. | શ્રી વત્સલ આશીષ પંડ્યા | કડોલી | H.S.C |
| ૧૧. | કુ.પ્રાચી બીપીન પંડ્યા | સંઘપુર | H.S.C |
| ૧૨. | કુ.ઈશા વિપુલ પંડ્યા | ઈવોલ-વસઈ | ધો.-૧૧ |
| ૧૩. | શ્રી સ્મિત ભદ્રેશ જોષી | આગલોડ | S.S.C |
| ૧૪. | શ્રી દેવાંશુ કલ્પેશ ઉપાધ્યાય | કડોલી | S.S.C |
| ૧૫. | કુ.આયુષી પ્રણવ શુક્લ | ખેડાવાડા-જામળા | S.S.C |

### કુ.દીર્ઘા પરેશ ઠાકર



સુશ્રી મનીષા તથા ડૉ.પરેશ પોપટલાલ ઠાકર (ઉમેદપુરા)ની સુપુત્રી **કુ.દીર્ઘા**એ નૃત્ય આરાધના માધ્યમથી અરંગેટ્રલ રજૂ કરીને પોતાની કળાને પ્રભુ તથા ગુરૂને દક્ષિણા સ્વરૂપે સમર્પિત કરેલ છે. આ અરંગેટ્રલ અમદાવાદમાં તા.૨૪-૫-૨૦૧૭ના રોજ રજૂ કરાયેલ. નૃત્યકલાગુરૂ શ્રીમતી ઈલાક્ષીબેન ઠાકોરના આશીર્વાદથી, નૃત્યભારતી સંસ્થાની છત્રછાયા હેઠળ તેમજ શ્રી ચંદન ઠાકોર અને શ્રીમતી નિરાલી ઠાકોરના સતત માર્ગદર્શનથી સાત વર્ષની નૃત્ય આરાધના દીર્ઘાએ પૂર્ણ કરી હતી અને રંગમંચ પર પ્રથમ પગરણ અરંગેટ્રલથી માંડયા હતા. અરંગ એટલે રંગમચ એટ્રલ એટલે પ્રથમ પ્રવેશ. આરંગેત્રમ્ શિષ્ય પાસેથી માગે છે, શીખવાની તત્પરતા, સર્વગ્રાહી પરીક્ષણ, અથાગ પ્રયત્ન અને કલા પ્રત્યે સમર્પણ. દીર્ઘાએ આ સર્વમાં સર્વગ્રાહી નીપુણતા રજૂ કરી હતી અને પોતાની જાતને દેવાધિદેવ મહાદેવ નટરાજને સમર્પિત કરેલ હતી.

### Dare to Drive
### કુ.સાક્ષી કેજલ દેવાંગ ગાંધી
*Fearless Girl*







સુશ્રી કેજલ તથા શ્રી દેવાંગ સુર્યકાન્ત ગાંધીની સુપુત્રી અને શ્રી મહેન્દ્રભાઈ કાન્તીલાલ જોષી (આગલોડ)ની દોહીત્રી **કુ.સાક્ષી** મૈત્રી ગ્રુપ દ્વારા ટૂરમાં નેપાલ તાજેતરમાં ગઈ હતી. આ પ્રવાસમાં સાક્ષીએ પહેલાં માઉન્ટ એવરેસ્ટનો પ્રવાસ પ્લેનમાં કર્યો હતો આ પછી કાઠમાંડુ (નેપાલ)મા Bungee Jumping (Fear Factor) સાક્ષી સંકળાઈ હતી. કાઠમાંડુમા Bungee Jumping DEEPEST (HIGHEST) Point ઉપર સાક્ષીએ ૧૮૩ મીટરના આ Deep Point માં Bungee Jump કર્યો હતો. અગીયાર વર્ષની સાક્ષીએ સહેજે ડર્યા વિના ખૂબ ઉત્સાહથી આ Bungee Jump માં કુદી પડી હતી અને સફળતાપૂર્વક અવતરણ પૂર્ણ કરેલ હતુ. તા.૩૦-૫-૨૦૧૭ના રોજ યોજાયેલ આ Bungee Jump માં સહુમાં સૌથી નાની હતી. નેપાલનો પ્રવાસ તા.૨૫-૫-૨૦૧૭ થી તા.૨-૬-૨૦૧૭ દરમિયાન યોજાયેલ હતો.

### સ્વ. ગજાનન રમણિકલાલ પાઠક



શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે આ શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૭-૨૦૧૮ વર્ષની શરૂઆતમાંજ સ્વ.ગજાનન ર. પાઠક પરિવાર તરફથી સંસ્થાને રૂા.૨૦,૦૦૦/-નો વિશેષ સહયોગ નોટબુક પ્રોજેક્ટ માટે સંસ્થાને સાંપડયો હતો. એમના તથા દાતાઓના સહયોગથી આ નોટબુકો આદીવાસી કન્યા વિદ્યાલય (ધરમપુર) ના વિદ્યાર્થીભાઈ બહેનોને વિનામુલ્યે અપાઈ હતી. આ નોટબુકો ઉપર સ્વ.ગજાનન ર. પાઠકનો ફોટો પ્રગટ કરાયેલ પણ ફોટાની તે પ્રીન્ટની ઈમ્પ્રેશન અકારણ મુદ્રણદોષથી અસ્પષ્ટ હતી. આ મુદ્રણદોષ માટે સંસ્થા દીલગીરી વ્યક્ત કરે છે અને દરગુજર કરવા વિનંતી કરે છે. સદગત ગજાનન ર. પાઠકનો ફોટો એને સાચા સ્વરૂપમાં ફરી અહીં પ્રગટ કરાયો છે.



શુન્ય થવા "બાદ" થવુ પડે છે...."બાકી" થી.

## પૂ.ગજૂભાઈનું સ્મરણ

**ગ** મન તમારુ, પ્રભુકાર્યે પ્રભુદ્વારે
**જા** સ્વંદના પુષ્પ સમ, ખીલ્યુ જીવન ધર્યું ધારેશ્વરધામે,
**ન** મન હો ત્વત્પદે, હે શિવલોક વિહારી ને
**ન** મઃ શિવાય ૐ શિવાય નમઃ
**ભા** લ લોચન શિવ હરે, દે જો શાંતિ ખરે!
**ઈ** ષ્ટ દેવ મહાદેવ, ધણી ધારેશ્વર ને સ્મરે!

**- ધનંજય જ. પાઠક**

સ્મૃતિ વંદના

## "અંતરના આદરના અધીકારી"

### શ્રી ગજાનનભાઈ ર. પાઠક

## "સ્મરણાંજલી"

**- વિનાયક મ. મહેતા**

મુરબ્બી શ્રી ગજાનનભાઈ ર. પાઠક હવે આપણી વચ્ચે નથી રહ્યા. રેશમની દોરીની જેમ જોત જોતામાં તેઓ આપણા હાથોમાંથી સરકી ગયા છે. કાળે આંગળીઓને બદલે અંગુઠા ઉપર સચોટ ઘા મૂક્યો છે. હવે તેમનાં સંસ્મરણોજ માત્ર મારી સ્મરણ મંજુષાનાં મહામુલાં ઘરેણાં બની ગયાં છે.

ગજાનનભાઈ સાથે હું છેક ૧૯૬૨થી સંકળાયેલો. મુંબઈ ફૂલગલીમાં આપણા નવરાત્રમંડળના તેઓ અગ્રીમ કાર્યકર્તા અને મેં મારી મુંબઈમાં પહેલી નવરાત્રી ફુલગલીમાં ઉજવી ત્યારથી અમારો ભાવાત્મક સંબંધ બંધાયો જે તેમની અંતીમ ક્ષણો સુધી એવોને એવો જળવાયો. તેઓ સર્વને મીઠાશથી આવકારે, મંડળના નાના-મોટા કાર્યો કરવાની પ્રેરણા આપે અને સર્વને પ્રોત્સાહિત કરે. ત્યારપછી તો પારિવારિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અમારો આ નાતો વણાતોજ રહ્યો, ગુંથાતોજ રહ્યો. પરસ્પર ભાવ-પ્રેમ અને વિશ્વાસ એ અમારા સંબંધની સંજીવની હતાં.

અમારી વચ્ચે ભાતૃભાવ તો હતોજ, પણ મિત્રભાવ પણ એટલોજ સવિશેષ હતો. તેઓ મોટાભાઈ તરીકે અધીકારથી વાત કરતા તો એક મિત્ર તરીકે પણ નિખાલશતાથી વિના સંકોચ મને મનની વાત કહેતા એવું મેં અનુભવ્યું છે. ગજાનનભાઈનું આતીથ્ય માણવું એ પણ એક લ્હાવો હતો. તેમની મહેમાનગતી ખરેખર રજવાડી હતી.

જાહેર જીવનમાં કામ કરવાની જબરજસ્ત હથોડીના કારણે તેઓ કોઠાસુઝથી વણ ઉકલ્યા પ્રશ્નો ચપટીમાં ઉકેલતા સામા માણસને પોતિકો બનાવવામાં તેઓ માહેર હતા, તો બીજા મત ધરાવતા સજ્જન સાથે પણ તેઓ સલુકાઈથી વર્તતા. પિતાશ્રી રમણીકલાલ મામાની ખુમારી અને સ્વાભિમાન અને માતુશ્રી શારદામામીની મૃદુતા અને રૂજુતાનો સુભગ સમન્વય તેમનામાં હતો. ગોળથી પણ મીઠા લાગતા. ગજાનનભાઈ એવા ટેકીલા કે ધાર્યું હોય તે કામ પુરૂં કરીને જ છોડે, જ્યારે કોઈ અણગમતો પ્રસંગ બને ત્યારે તેમના અવાજનો રણકો આપોઆપ બદલાઈ જાય. સામાન્ય રીતે તેઓ આંતરમુખી સવિશેષ હતા. મીઠાશ અને મુલાયમતા તેમની આગવી ઓળખ હતી. ગજાનનભાઈ સંબંધોના માનવી હતા. નુકશાન સહન કરીને પણ સંબંધ રાખવવાની તેમની દરીયાદીલી પ્રેરણારૂપ રહી છે. વ્યવસાયિક ક્ષેત્રે ઘડાયેલા - કસાયેલા ગજાનનભાઈ ગ્રાહકો સાથે મીઠા સંબંધો જાળવતા, મઠારતા અને ઉજળા રાખતા. તેમની વ્યવસ્થાપન શક્તિ, પ્રસંગોનું ઉચિત આયોજન હંમેશાં ઉત્કૃષ્ટ અને બેનમુન રહ્યાં છે. પરિવારના શુભ પ્રસંગો હોય, કે સમાજના સ્નેહ સંમેલનો, કે મેળાવડા હોય. ધાર્મિક પ્રસંગોની ઉજવણી હોય ત્યાં બધુ સર્વાધિક સુંદરજ હોય તેમનો સ્વભાવ જ એવો કે કશુ ઓછુ કે ઉતરતુ તેમને ગમે જ નહી. ઉત્તમમાં પણ સર્વોત્તમની જ પસંદગી તેમની હોય.

માનવીય સંબંધોનું નજાકતતાથી જતન કરતા તેઓ પ્રેમાળ સજ્જન હતા તેઓ જાહેર જીવનમાં પારિજાતના ફુલોની જેમ મહેકતા તેવીજ રીતે પારિવારિક સંબંધોને પણ મીઠાશ-પ્રેમ અને સલુકાઈથી જાળવતા.

તેમના અંતરંગ મિત્ર પરિવાર એટલે 'સપ્તર્ષી' પરિવાર. આ મિત્ર પરિવારોમાં તેઓ 'ગજુભાઈ' ના નામેજ ઓળખાય. મિત્ર પરિવારોને પણ એવા ઓળગોળ કરી દે કે તેમના વિના બધુ મધુર, અધુરૂ જ લાગે અને જ્યારે તેઓ હોય ત્યારે બધુ મધુર, મધુર જ લાગે.

તેમની વ્યવહાર કુશળતા ઉડીને આંખે વળગે તેવી હતી. પરિવારમાં કે મિત્રોમાં કોઈનો જન્મદિવસ હોય, લગ્નતીથી હોય કે અન્ય કોઈ ઉજવણીના પ્રસંગ હોય, ગજાનનભાઈની ઉપસ્થિતી, શુભેચ્છાઓ અને પ્રસંગોચિત સ્મૃતિભેટ અચૂક હોયજ તેવું મેં જોયું છે.

જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં સતત વ્યસ્ત રહેતા હોવા છતાં તેમના પરિવારથી તેઓ જીવંત રીતે સંકળાયેલા રહેતા. દૂર-સુદૂર રહેતા સંતાનો સાથે પણ તેઓ જીવંત સંપર્ક જાળવતા, એટલુજ નહીં તેઓની કાળજી લેતા અને લાગણીસભર ચિંતા પણ કરતા. તેમના ધર્મપત્ની કુસુમભાભીના અવસાન બાદ ગજાનનભાઈ ખૂબ વ્યથિત રહેતા પણ પરિવારના લાગણીસભર સહારાના કારણે તેઓ હૃદયનું દુઃખ કોરાણે મુકી, વાસ્તવિકતાનો સ્વિકાર કરી જીવનની રોજબરોજની ગતિવિધિઓમાં જોડાઈ જતા. જોકે કુસુમભાભીની ઉપસ્થિતિ તેઓ સતત મહેસુસ કરતા તો ક્યારેક કહેતા 'વિનાયક તારી ભાભીના નામ આગળ 'સ્વ.' ક્યારેય ન લખતો, તે સ્વર્ગસ્થ થઈ છે તેવું હું માનતો જ નથી.' ધારેશ્વરદાદામાં અખૂટ શ્રધ્ધા ધરાવતા ગજાનનભાઈ, ધારેશ્વરનું નામ પડે અને ખડે પગે તૈયાર થઈ જાય.

નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૬માં જ્યારે અમો મળ્યા અને ધારેશ્વર મહાદેવમાં 'મહારૂદ્ર' યજ્ઞનું વિચારાઈ રહ્યું છે. તેવું કહેતાની સાથેજ 'મહારૂદ્ર યજ્ઞકાર્ય માટે રૂા.૨૫૦૦૦/- સર્વપ્રથમ લખવાનું' ત્વરિત જણાવી શ્રી ગણેશ કરવાનું કહ્યું. અને વિડંબના પણ કેવી છે કે આ મહારૂદ્ર યજ્ઞનું સર્વોત્તમ આયોજન ગોઠવતા-ગોઠવતા જ આપણી વચ્ચેથી તેઓ વિદાય થયા. ખૂબજ ટૂંકા ગાળામાં ખેડાવાડા-જોરાપુર-આનંદપુરા-લક્ષ્મીપુરા ગામોના ગ્રામજનોનો અનહદ પ્રેમ સંપાદન કરી શ્રી ધારેશ્વર મહાદેવ યજ્ઞ સંચાલન સમિતિના સંયોજક તરીકેની જવાબદારી તેઓએ સ્વિકારી અને નિભાવી. સુંદર આકર્ષક આયોજન ગોઠવી સર્વને સાથે રાખી પોતાની ધારેશ્વરદાદા પ્રત્યેની શ્રધ્ધાને ઉજાગર કરી એક વિશાળ આયોજનનું મૂર્તિમંત સ્વરૂપ તેઓએ આપ્યું પણ આ દિવ્ય-ભવ્ય આયોજનનાં દર્શન તેઓ કરે તે પહેલાંજ આપણા કમ-નશીબે તેઓ આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા, આવજો કહીને ચાલ્યા જ ગયા.


જે માણસ ઘરમાં થાકે ને એનો થાક આખીય દુનિયામાં ક્યાંય ના ઉતરે

કવિશ્રી સુરેશ દલાલે કહ્યું છે તેમ

**‘અમને માયા લગાવીને છાયા ઉછાળીને**
**મનગમતો માણસ એક ચાલ્યો ગયો,**
**લય તાલે ઝુલતો, સરવર જેમ ખૂલતો**
**ગુનગુનતો માણસ એક ચાલ્યો ગયો.’**

તેમની અંતીમ વિદાય પણ પ્રભાવી અને ગૌરવભરી હતી. સંતો, મહંતો અને દિવ્ય આત્માઓને શોભે તેવી હતી. તો સત્તાધારી સામંતોથી પણ સવિશેષ હતી. ભવ્ય અને દબદબાભરી હતી. માન મરતબાથી ગૌરવાન્વિત થયેલો, ચારેય ગામના આબાલ વૃધ્ધ ગ્રામજનોની હાજરીથી શોભાવતો પોતિકાં સ્વજનોની શોકગ્રસ્ત ઉપસ્થિતિથી વિંટળાયેલો, અને ઢોલ નગારાના અવાજથી ગુંજતો તેમનો પાર્થિવ દેહ જ્યારે અગ્નિ નારાયણને સુપ્રત થયો ત્યારે કોઈ દેવદૂત વિદાય થતો હોય તેવું વાતાવરણ સર્જાયુ હતું. જાણે તેઓ મોતને પણ પડકારી કહેતા હોય કે ‘હે મોત તારી ફરી નિષ્ફળતા ઘડીભર જોઈ લે, કેટલા હૈયે સ્મરણ મારાં બીછાવી જાઉં છું’

તેમના જવાથી એક ખાલીપો અનુભવાય છે, ચારેય ગામના ગ્રામજનો એક પોતિકો માણસ ચાલ્યા ગયાનો શોક અનુભવે છે. પરિવાર વિશાદગ્રસ્ત અને શોકમગ્ન છે. સમય જતાં આ બધુંય કદાચ વિસારે પડશે પણ તેમની સાથે વિતાવેલી ક્ષણો એક યાદગાર ઘરેણું બની રહેશે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચીરશાંતી આપે એજ પ્રાર્થના....!!

**‘મહેકમાં મહેક મળી જાયતો મૃત્યુ ન કહો**
**તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો’ -હરીન્દ્ર દવે**

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઈ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

**દેહોત્સર્ગ**

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !

પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.

‘પગથાર’ ની આ મરણનોંધમાં સ્વર્ગસ્થ સ્વજનના નામ સાથે સગપણ અને નામો પ્રગટ થાય છે. આવા નામો અને સગપણ ‘પગથાર’ ને ઈ-મેઈલથી તુરત જ જણાવવા વિનંતી છે જેથી શરતચૂક ન થાય. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિમાં લખાણ, ફોટો અને નામ પ્રગટ કરવાના હોય તેઓએ સ્વર્ગસ્થનો ફોટો, નામ અને લખાણની વિગતો જણાવવા વિનંતી છે. આવા એક આખા પાનાના સ્મૃતિદાનના રૂા. ૧૫૦૦/- શ્રી સર્જન યુવક સંઘને આપવાના થશે.

❑ **સોનલ (સુનંદા)બેન જગદીશભાઈ જોષી** (વડાલી, ઉ.વ.૫૬, જગદીશભાઈ રમણલાલ જોષીના પત્ની, પાયલ, દિવ્યા અને જતીનના મમ્મી, શ્રી રજનીકાંત દેવશંકર જોષી (ઈલોલ)ની દીકરી સુશ્રી અંકીતા જતીન જોષીના સાસુ અને વડાલી ખેડવાબાજ બ્રાહ્મણ)નો અમદાવાદમાં તા.૩૧-૫-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ** તથા **સર્જન-પગથાર** સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને એમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

## પ્રેમપુર
### શીવાલય જીણોધ્ધાર

પ્રેમપુર મુકામે અંદાજે સવા બસો વર્ષ પહેલાં સ્થપાયેલ શિવાલયનો જિણોધ્ધાર અંદાજે ૭૦ વર્ષ પહેલાં થયેલ આજે પુનઃ જીણોધ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા સંવત ૨૦૭૩ને જેઠ સુદ અગીયારસના રોજ કરવામાં આવ્યો ને દેવાધિદેવ રામેશ્વર મહાદેવને બિરાજમાન કરવામાં આવ્યા. નૂતન શિવાલય અંદાજે ૪૦ લાખના ખર્ચે સાકાર અને નિર્માણ પામેલ છે. આ સ્થાને શિવ પરિવાર, હનુમાનજી ચાર દિશા દેવોની પણ પ્રાણ પ્રતિષ્ઠા કરેલ છે. આ મંદિરના નિર્માણમાં દાતાઓ ગ્રામજનો એ અભૂતપૂર્વ સહકાર આપેલ છે. તા.૩, ૪, ૫ જૂન ૧૭ દરમિયાન યજ્ઞશાળાનું નિર્માણ કરી. ગણેશ યાગ મહારૂદ્ર યજ્ઞ, મારુતિ યજ્ઞનું ખૂબજ ભક્તિભાવ પૂર્વક આયોજન કર્યુ. સમગ્ર પ્રેમપુર ગામમાં ત્રણ દિવસ શિવભક્તિનો મહિમા અને માહોલ અને ગુણગાન સર્જાયો.



આ યજ્ઞમાં આપણા સમાજના શ્રી રમણલાલ ગિ. રાવલ તરફથી દિશાઓના દેવો નિમિત્તે રૂા.૭૬૦૦૦/- આપી ભરતભાઈ અ. જોષીને પૂજનમાં બેસાડવામાં આવ્યા. શ્રી દિલીપભાઈ ગી. રાવલ તરફથી રૂા.૨૫૦૦૦/- દાન આપી નીરવભાઈ દિ. રાવલને પુજામાં બેસાડેલ. આ કાર્યમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી હીરાભાઈ પટેલ ટ્રસ્ટીઓ, સ્વયંસેવકો, મહિલા મંડળ તથા દાતાઓએ સુંદર સાથ સહકાર આપી ભક્તિકાર્યમાં જોડાયા...

### મા

મા કદી પણ દુઃખનો કાગળ લખે નહિ;
હોય પ્રશ્નો વ્હાલના, પણ સળ લખે નહિ.

હું મજામાં છું, ફિકર કરતો જ નહિં તું;
મા વધારે બીજું કંઈ આગળ લખે નહિં.

મનની સહુ વાતો કઢાવે સ્નેહપૂર્વક;
પણ માં કાંટા, ડંખ ને બાવળ લખે નહિ.

સહેજમાં સમજી જશે તારી વ્યથાઓ;
એની ચિંતા, આંસુ, ભય પાછળ લખે નહિ.

**- યોગેન્દુ મધુકર જોષી**

## શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે. આ સપ્તાહ અંબાજી માતા મંદિરના સંકુલ, ખેડબ્રહ્મામાં યોજાયેલ છે. કથા પ્રારંભ તા.૨૪-૧૨-૨૦૧૭ના રોજ અને પૂર્ણાહુતિ તા.૩૦-૧૨-૨૦૧૭ના રોજ થશે. શતચંડી હવન તા.૩૧-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૯ વાગેથી થશે. વનવાસી શાળાના નવનિર્માણ, સંસ્કૃત પાઠશાળાના જીર્ણોધ્ધાર અને ગૌશાળાના હેતુ માટે આ કથાનું આયોજન છે. આ શ્રીમદ્ દેવી ભાગવત કથા પોથીના યજમાન થવા સહુને વિનંતી કરાઈ છે. આ કથાનું રસપાન શાસ્ત્રીશ્રી શ્રી ભરતભાઈ મ. જોષી વ્યાસપીઠ પર બિરાજીને કરાવશે. આ કથાની વધુ વિગતો માટે અને નામ નોંધાવવા માટે શ્રી ચેતનભાઈ જોષી (ફોન : 09820148132) અથવા શ્રી જયકાન્તભાઈ જોષી (ફોન : 09819621997)નો સંપર્ક કરવા વિનંતી છે.

## અભિનંદન

❑ શ્રી પંકજભાઈ મુળશંકર ભટ્ટ (આગલોડ) નરેન્દ્ર મોદી વિચાર મંચના સાબરકાંઠા વિભાગના સંયોજક તરીકે તાજેતરમાં નીયુક્ત થયા છે. સાબરકાંઠામાં નરેન્દ્ર મોદી વિચાર મંચના ઉપક્રમે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિવિધ કાર્યક્રમોના વિચારનું પ્રચાર કાર્ય શ્રી પંકજભાઈ ભટ્ટ સંભાળશે. આ વિચારમંચ દેશસેવામાં સતત કાર્યરત રહેશે.

❑ સુશ્રી વિરલ તથા શ્રી અન્વેશ સતીશભાઈ જોષી (આગલોડ)ના સુપુત્ર **ચિ.તીર્થ**એ *English Marathon Compitition* માં શાળામાં પ્રથમ ક્રમાંક અને રાજ્યકક્ષાએ *Merit Position* મેળવી સુવણચંદ્રક તાજેતરમાં મેળવ્યો છે. *Institution of for Promotion of Mathematics Scholarship Examination* ની *Megha Final*માં તીર્થ પસંદ કરાયો છે.

### સવિનય જણાવવાનું કે

(૧) 'પગથાર'ના જૂન ૨૦૧૭ માસના અંકમાં પાના નં.૧૦ ઉપર 'દાવડમાં પ્રવેશદ્વારનું લોકાર્પણ' શિર્ષક હેઠળ તે પ્રસંગના સમાચાર પ્રગટ થયા છે. આ સમાચાર રીપોર્ટમાં શ્રી મહેશભાઈ છો. જોષીના નામમાં મુદ્રણદોષ થયો છે તે સુધારીને શ્રી મહેશભાઈ છો. જોષી વાંચવા વિનંતી છે.

(૨) 'પગથાર'ના મે ૨૦૧૭ માસના અંકમાં પાના નં.૩ ઉપર નોટબુક પ્રોજેક્ટમાં દાતાઓનો નામ પ્રગટ થયેલ છે. આ નામોમાં સ્વ.ગજાનનભાઈ રમણિકલાલ પાઠકના નામમાં મુદ્રણ દોષ થયો છે. તે સુધારીને સ્વ.ગજાનનભાઈ રમણિકલાલ પાઠક વાંચવા વિનંતી છે.

## શુભલાભ

**લેખક : શ્રી અનંત કા.જાની     પ્રકાશક : શ્રી સર્જન યુવક સંઘ**

૨૨મી મે ૨૦૧૭ સોમવારના રોજ "શુભલાભ" પુસ્તકની લોકાર્પણ વિધિ સંપન્ન થઈ હતી. તે પ્રસંગે પરિવારજનો જે કોઈ હાજર હતા તેમને "શુભલાભ" અર્પણ કરાયેલ છે. બીજા પરિવારજનો જે એ પ્રસંગે ઉપસ્થિત ન હતા તેઓને પણ પરોક્ષરીતે "શુભલાભ" પહોંચતું કરાયું છે જે કોઈ પરિવારના ભાઈ બહેનો પૌરાણિક ગ્રંથો વાંચવાના શોખીન હોય અને આ "શુભલાભ" પુસ્તક મેળવવા માગતા હોય તેઓ નીચે પ્રમાણે સંપર્ક કરી શકે છે અને આ પુસ્તક મેળવી શકશે. **અમદાવાદ** : શ્રી બિપિનભાઈ અં. ઉપાધ્યાય ફોન (0) 9724155316 **હિંમતનગર** : શ્રી જશવંતભાઈ અં. જોષી ફોન : (0) 9725688266 **મુંબઈ** : શ્રી અશોકભાઈ ર. જોશી ફોન : (0) 9867053517

## લગ્ન મંડપ



❑ સ્વ.ભગવતીબેન તથા સ્વ.જીતેન્દ્રભાઈ દયારામ ત્રીવેદી (સંઘપુર-વેરાબળ, વડાલી)ની સુપુત્રી **ચિ.હેમા**નું લગ્ન સુશ્રી કુંદનબેન તથા શ્રી જ્યોતિષભાઈ શાંતીલાલ ભુતા (શીહોર-નાલાસોપારા)ના સુપુત્ર **ચિ.ગૌરાંગ** સાથે નાલાસોપારામાં તા.૨-૭-૨૦૧૭ના રોજ થયેલ છે.

❑ સુશ્રી શીતલ તથા શ્રી અગત્સ્ય અરૂણભાઈ ભટ્ટ (આગલોડ)ની સુપુત્રી **ચિ.તર્જની**ના લગ્ન સુશ્રી જ્યોતિ તથા શ્રી અશ્વિન હરીદાસ આશરના સુપુત્ર **ચિ.પ્રણવ** સાથે મુંબઈમાં તા.૨-૭-૨૦૧૭ના રોજ થયાં છે.

**શ્રી સ.સા.ઓ.બ્ર.સમાજ ટ્રસ્ટ** અને **'સર્જન-પગથાર'** તરફથી નવદંપતિને આશિષભર્યા અભિનંદન.

## સંપર્ક સેતુ

**એડ્રેસ ડીરેક્ટરીની નવમી આવૃત્તિમાં**
**સુધારા-વધારા-ફેરફાર નીચે પ્રમાણે નોંધવા વિનંતી છે.**

**(૧૬)**

**૩૫૭ વ્યાસ કનૈયાલાલ હરગોવિંદદાસ** LM
**વ્યાસ હંસુબેન કનૈયાલાલ** LM
ફોન - (0) 9687427431

**૪૩૮ મણીયાર સંદીપ વિનોદચંદ્ર**
**(જાની નીશા વિનોદચંદ્ર, દેરોલ)**
જશવંતી ગોલ્ડ, ફ્લેટ નં.૨૧૦૬, ૨૧મા માળે,
ભુલાભાઈ હોલ અને મયુર સીનેમા પાસે,
સુભાષ લેન, ઓફ શાન્તીલાલ મોદી રોડ,
કાંદીવલી (વે), મુંબઈ - 400067.

**૫૪૧ જોષી ધીરજ અંબાલાલ**
**જોષી તુષાર ધીરજ / જોષી પાર્થ ધીરજ**
રૂમ નં.C-૧૭-૯૮, ટી.વી.ટાવરની પાછળ,
બોડકદેવ, અમદાવાદ - 380054.

**૬૯૧ પંડ્યા અમર શૈલેષભાઈ**
B - ૬, સંભવનાથ સોસાયટી, ગાયત્રી મંદિર રોડ,
મહાવીરનગર, હિંમતનગર,
જિ.સાબરકાંઠા-383001

## ભજનસંધ્યા

શ્રી બી.યુ.ભટ્ટ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભજનસંધ્યાનો કાર્યક્રમ યોજાયેલ છે. આ ભજન સંધ્યા ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી વેસ્ટ, મુંબઈમાં તા.૧૫-૮-૨૦૧૭, મંગળવારના રોજ સાંજે ૪ થી ૭ યોજાયેલ છે. આ ભજનસંધ્યાના કાર્યક્રમનું સંચાલન સુશ્રી હેમા દક્ષેશ ઠાકર કરશે. ભજનસંધ્યાનો આ કાર્યક્રમ સતત પ્રતિવર્ષ છેલ્લા પાંચ વર્ષથી શ્રી બી.યુ.ભટ્ટ યોજી રહ્યા છે આ વર્ષનો આ કાર્યક્રમ પાંચમો છે. ભજનસંધ્યા પછી ઉપસ્થિતોને અલ્પાહાર અપાશે. સર્વ ભક્તજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.


સાહેબ ખર્ચ કરવા જેટલું કમાઓ ત્યાં જિંદગી ખર્ચાઈ જાય છે.

## સરગવો

શાકભાજીમાં સરગવો એટલે પ્રોટીન અને ખનીજનો ખજાનો. ભરપૂર પોષણયુક્ત સરગવાને તમે શાકભાજીનો રાજા ગણાવી શકો. સરગવો મુખ્યત્વે બે રીતે ખવાય છે. એક તો એની શિંગ, અને બીજા એના પાંદડાં. ઘણાંને પ્રશ્ન થશે કે સરગવાની શિંગનું ચણાના લોટવાળું શાક ખાધું છે, સરગવાની બાફેલી શિંગો ખાધી છે, સરગવાની શિંગને સાંભાર કે કઢીમાં નાખીને ખાધી છે પરંતુ સરગવાના પાન ખાધાં નથી. સરગવાના પાન પોષણનો ભંડાર છે.

જે લોકો એના પોષણનું મહત્ત્વ સમજે છે તેઓ આ પાનનો મૂઠિયાં - થેપલામાં નાખીને ઉપયોગ કરે છે. ઘણાં આયુર્વેદિક કે નેચરોપથીવાળા લોકો આ પાનનો પાઉડર બનાવીને વેચે છે તો ઘણા લોકો જૂસના રૂપમાં પણ એને પીએ છે. સરગવાના પાન એવા છે જેમાંથી પ્રોટીન પણ મળે છે. સામાન્ય રીતે શાકભાજીમાંથી પ્રોટીન મળતું નથી, પરંતુ સરગવામાંથી દૂધ કરતા પણ વધારે પ્રમાણમાં પ્રોટીન મળે છે. ૧૦૦ મિલીલિટર દૂધમાંથી ૪ ગ્રામ પ્રોટીન મળે છે, જ્યારે ૧૦૦ ગ્રામ સરગવાના પાનમાંથી ૧૦ ગ્રામ પ્રોટીન મળે છે. ફક્ત પ્રોટીન જ નહીં, દૂધ કરતા પણ વધુ સારું કેલ્શિયમ સરગવામાંથી મળે છે.

આ ઉપરાંત, સરગવામાં ખૂબ વધુ માત્રામાં આયર્ન પણ મળે છે.

ગાજર કરતા વધુ વિટામિન-એ, પેરુ જેટલું વિટામિન-સી, કેળા કરતા વધુ ફોસ્ફરસ તેના પાનમાં હોય છે. વળી આ બધાં જ પોષકતત્ત્વો સોલ્યુબલ ફોર્મમાં હોય છે. મતલબ કે એ શરીરમાં જઈને પચશે જ અને શરીરને લગભગ પૂરી માત્રામાં મળશે જ એની ગેરન્ટી હોય છે. બીજા શાકભાજીમાં આવા ગુણ બહુ ઓછા જોવા મળે છે.

સરગવાની શિંગમાંથી પણ આ બધાં જ પોષકતત્ત્વો મળે છે, પરંતુ પાન કરતા શિંગમાં એનું પ્રમાણ ઘટી જાય છે. આમ પાન વધુ ગુણકારી છે, પરંતુ શિંગ પણ બીજી શાકભાજી કરતા વધુ ગુણકારી છે. સરગવાની શિંગ તો આપણે અલગ-અલગ રીતે ખાઈએ જ છીએ, પરંતુ સૌથી શ્રેષ્ઠ રીત છે સરગવાની શિંગ અને દૂધીનો જ્યૂસ. આમાં સરગવાની શિંગ બાફીને દૂધની સાથે ક્રશ કરીને જ્યૂસ બનાવવામાં આવે છે. શિંગને ખાલી બાફેલી ખાવામાં આવે તો પણ એ ગણી જ ગુણકારી સાબિત થાય છે.

સરગવાના પાનને કઈ રીતે ખાવા જોઈએ ?

નિષ્ણાતો કહે છે કે જે રીતે આપણે પાલકની ભાજીનો ઉપયોગ કરીએ છીએ એવી જ રીતે આપણે સરગવાના પાનનો ઉપયોગ પણ કરી શકીએ. સરગવાના પાન ચળતા વાર લાગે છે અને એનો સ્વાદ ખાસ હોતો નથી. જો એ ખોરાકમાં ઉપયોગમાં લો તો મસાલેદાર વાનગીમાં કરવો જેથી એનો સ્વાદ અલગથી ન આવે. જો વાનગી ન બનાવો તો સરળ જ્યૂસ બનાવી નાખો. દરરોજ ૧૪ મિલીલિટર જેટલો સરગવાના પાનનો જ્યૂસ ખૂબ જ ગુણકારી રહેશે.

ફાયદા શું છે ?

સરગવાની શિંગ અને પાન ખાવાથી વ્યક્તિને શું ફાયદા થઈ શકે છે એ જાણીએ નિષ્ણાત ડાયટેશ્યિન પાસેથી.

- સરગવાના પાન અને સરગવાની શિંગ ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી મહિલાઓ, મેનોપોઝ ચાલતો હોય તેવી મહિલાઓ, ટીબીના દરદીઓ, રૂમેટોઈડ આર્થરાયટીસના દરદીઓ, કોઈપણ જાતની માંદગીમાંથી ઊભા થયા હોય તેવા લોકો માટે અકસીર સાબિત થઈ શકે છે.
- જે કોઈને પાચનને લગતા કોઈ પ્રોબ્લેમ હોય, ગેસ, એસિડિટીની તકલીફ હોય તેમને પણ સરગવાથી ઘણો લાભ થાય છે.
- સરગવામાં રહેલાં પોષકતત્ત્વો વ્યક્તિનો રેઝિસ્ટન્સ પાવર વધારે છે, જેથી તેની રોગપ્રતિકારક શક્તિ પ્રબળ બને છે અને રોગો સામે લડી શકવા તે વધુ સક્ષમ બને છે.
- સરગવાના સેવનથી નાડીને લગતા પ્રોબ્લેમ્સ જેમ કે, ખાલી ચડી જવી, મેમરી લોસ, સ્ટ્રેસ કે ફ્રસ્ટ્રેશન જેવી માનસિક બીમારીઓમાં પણ રાહત મળે છે.
- ડાયાબિટીસના દરદીઓ માટે પણ એ અત્યંત ફાયદાકારક છે.
- સરગવો આંખને સતેજ બનાવે છે, હાડકાંને મજબૂત બનાવે છે.

- જાતજાતના બેક્ટેરિયલ અને વાઈરલ ઈન્ફેક્શન સામે એ રક્ષણ પણ આપે છે. જેને કારણે ડેન્ગી, મલેરિયા, ચિકનગુનિયા કે સ્વાઈન ફ્લુ જેવા રોગોથી બચી શકાય છે.

- સરગવો વેઈટલોસ માટે પણ ખૂબ જ ઉપયોગી છે, કારણ કે એ ખાવાથી શરીરનું મેટાબોલિઝમ સુધરે છે, પાચનક્રિયા સુધરે છે અને ફેટ્સ બળવાનું શરૂ થાય છે.

- સરગવો કેન્સરના દરદીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે, કારણ કે કેન્સરમાં કેમોથેરપી દ્વારા જે સાઈડ ઈફેક્ટસ વ્યક્તિને નડે છે એ સાઈડ ઈફેક્ટસમાં સરગવાથી ઘણો ફાયદો થાય છે.

- સરગવો ડિટોક્સિફિકેશન માટે પણ અત્યંત ઉપયોગી છે. એ શરીરમાં ફરતા નકામા કચરા જેને ફ્રી રેડિકલ્સ કહે છે, એને બાંધે છે અને શરીરમાંથી દૂર કરે છે. આથી ત્વચા અને વાળને થતું નુકશાન પણ અટકે છે.

## પોતાની પુત્રીના લગ્ન સમયે એક પિતાનું વક્તવ્ય !

મેં વિચાર્યું હતું કે હું મારા વક્તવ્ય દરમિયાન તમોને મારી પુત્રીના 'નવા' પરિવાર તરીકે સંબંધિત કરીશ. પરંતુ મને એ અયોગ્ય લાગ્યું કેમકે હવે તેના લગ્ન થઈ ચુક્યા છે. અને હવે એક માત્ર તમો જ તેનો પરિવાર છો. સાચું કહું તો મને તેમાં કોઈ વાંધો નથી. બલ્કે હું તો ઈચ્છું છું કે તેણી હવે અમોને જ અગ્રતા આપે. આ એ સમય છે જ્યારે અમારે તેણીના જીવનમાંથી થોડું પાછળ હટી જવું જોઈએ. એ હું સ્વીકારું છું પરંતુ સાથે તેણીને હંમેશા ખુશ રાખવા વિનંતી કરું છું.

મને ભરોસો છે કે તમે તેને હંમેશા ખુશ રાખશો. અને તે કદાચ અહીં કરતા પણ ત્યાં વધારે ખુશ રહેશે. પણ એક પિતા તરીકે હું તમને ફરી ફરીને વિનવું છું કે તેને હંમેશા ખુશ રાખજો.

તે કદી મારા માટે બોજ ન હતી. બલ્કે એ તો મારા જીવનની સાર્થકતાનું કારણ છે. મારે એને મારાથી અળગી કરવી પડે છે કેમકે એજ કુદરતનો નિયમ છે. સામાજિક નિયમો અનુસાર મારે તેને એમના પોતાના ઘરે વળાવી પડે છે. મારા ઘરની રોશની હવેથી તમારું ઘર દીપાવશે.

હું મારી સમગ્ર દુનિયા હવેથી તમને સોંપુ છું. હું મારી રાજકુમારી તમને આપુ છું. પ્લીઝ તેને રાણી બનાવીને રાખજો. મેં મારું લોહી રેડી તેને ઉછેરી છે. અને હવે તેણી એકદમ યોગ્ય છે જે તમારી દુનિયા પ્રેમ, ઉષ્મા, દરકાર અને સૌંદર્યથી પૂર્ણ કરશે. હું ઈચ્છું છું કે તેના બદલામાં તમે તેને ખુશીઓ આપજો.

જો તમને ક્યારેય એવુ લાગે કે મારી દીકરી કંઈ ખોટું કરે છે તો ચોક્કસ તેણીને સજા કરશો પણ થોડા પ્રેમથી. તે એકદમ નાજુક છે. એને કંઈ ઓછુ આવે તો મનાવી લેજો. એને ફક્ત તમારી થોડી દરકારની જરૂર રહેશે. જો તે ક્યારેય બીમાર પડે તો તેની કાળજી રાખજો. તમારો થોડોક પ્રેમ પણ તેના માટે દવાનું કામ કરશે. પણ જો એ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જાય તો તેમને આકરી સજા કરજો. પરંતુ તે સાથે સહાનુભુતિ પણ દાખવશો. તે હજી એક શીખાઉ છે. તેણીને સમજાવવાની કોશીશ કરશો. પ્લીઝ તેને હંમેશા ખુશ રાખજો.

જો હું મહિનાઓ સુધી એમનો ચહેરો ન જોઈ શકું કે દિવસો સુધી તેમની સાથે વાત ન કરી શકું તો પણ કંઈ વાંધો નહીં. હું તો એમ ઈચ્છું છું કે તમારે ત્યાં એટલી ખુશ રહે કે તે તેના પિતાનું ઘર બહું યાદ જ ન રે. હું હાથ જોડીને તમોને વિનવું છું કે તેનું જીવન ખુશીઓથી ભરી દેજો.

પ્રિય જમાઈરાજ, તમને આ શબ્દો કદાચ અત્યારે બહું અર્થપૂર્ણ નહીં લાગે પરંતુ જો તમે એટલા નશીબદાર હશો કે ભવિષ્યમાં એક પુત્રીના પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરશો ત્યારે એની વળાવવાની વેળાએ તમારા હૃદયનો એક એક ધબકાર કહેશે કે 'પ્લીઝ એમને હંમેશા ખુશ રાખજો.'

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month
PAGHTAR (16)
July - 2017
R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2017-19

## હસતો ગુજરાતી

એક ઘરમાં સાસુ વહુ બહુ પ્રેમતી રહેતા હતા. એકવાર ઘરમાં મહેમાન આવ્યા. બહુએ સાસુને મહેમાન સાથે વાત કરતા સાંભળ્યા. સાસુ કહી રહ્યા હતા દીકરી સાકર જેવી હોય અને વહુ મીઠા જેવી હોય. આ સાંભળીને વહુને ખોટુ લાગ્યું. વહુ ઉદાસ રહેવા લાગી. જ્યારે સાસુને આ વાત ખબર પડી તો વહુને કારણ પૂછ્યું. વહુએ કારણ કહ્યું, ત્યારે સાસુએ હસીને કહ્યું એનો અર્થ એ છે કે દીકરી સાકર જેવી હોય દરેક રૂપમાં મીઠી લાગે. જ્યારે વહુ મીઠાં જેવી હોય કે જેનું કરજ ચૂકવી નથી શકતા. જેના વગર દરેક વસ્તુ બેસ્વાદ થઈ જાય. તો દરેક વહુ ખુશ થાવ. તમે બેસ્ટ છો. સ્ત્રી એક અજબ પાત્ર છે. એની હાજરીની કોઈ નોંધ ન લે પણ એની ગેરહાજરી દરેક વસ્તુ ફીક્કી લાગે.

## પ્રેરણાસ્ત્રોત

ચીનના એક પિતાની આ હૃદયસ્પર્શી ઘટના છે.

રાતના નવ વાગી ગયા હતા. એ પિતાએ એના પુત્રને સૂવા જવાનું કહ્યું. પુત્રએ આનાકાની કરી એટલે પિતા તાડૂક્યા.

'કાલ સવારે સ્કૂલે વહેલા જવાનું છે એની તને કાંઈ દરકાર જ નથી! આમ ઉજાગરા કરીશ તો માંદો પડીશ. હું તને કહું છું ને કે જલદી સૂવા માટે જા.'

દીકરાએ તોછડાઈથી જવાબ આપ્યો : 'ના, નહીં જાઉં...'

પિતાનો ગુસ્સો તો ચરમસીમાએ પહોંચી ગયો. પુત્રનું બાવડું ઝાલીને એને રૂમમાં ઘસડી જવા પિતા એની સામે ધસ્યા ત્યાં જ અચાનક પિતાના મનમાં કશોક વિચાર ઊગી નીકળ્યો: કોઈ કારણસર આજે એને ઊંઘવા મન નથી તો શું થઈ ગયું ? કોઈ વાર એમ બને પણ ખરું...

આ વિચાર આવતાં જ એનો ગુસ્સો શાંત પડી ગયો. હળવેથી પુત્રના ખભા પર પ્રેમથી હાથ મૂકીને પિતાએ પૂછ્યું:

'કેમ આજે શું છે ? સૂવા જવાનો મૂડ નથી કે શું ?'

પુત્ર તો પિતાના આ વર્તનથી અચરજ પામ્યો. હજી હમણાં તો ઉગ્રતાથી વર્તતા પિતામાં આટલું બધું પરિવર્તન ?!

એ પછી પિતા તો જાણે કશું બન્યું જ નથી એમ બીજા જ વિષયો પર વાતો કરવા લાગ્યા. એમ જ વાતો કરતાં કરતાં બન્ને સૂવાના રૂમમાં ગયા. પિતા દીકરા સાથે એના મિત્રો વિશે, એને ગમતી રમતો વિશે અને એને રસ પડે એવી બીજી વાતો કરતા રહ્યા.

એ દરમિયાન પુત્રએ રાતે સૂતી વખતે પહેરવાનાં કપડાં બદલી લીધાં અને જાતે જ ઊંઘી ગયો. એના ચહેરા પર કોઈ તનાવ કે વિશેષ નહોતો. એ તો પ્રસન્નચિત્તે ઘસઘસાટ ઊંઘી ગયો હતો.

બાળઉછેરમાં શિસ્તની કડકાઈ અને વધારે પડતા વહાલની વચ્ચે બાળકના સર્વાંગી વિકાસની સાચી પગદંડી છુપાયેલી હોય છે. જેને મા-બાપે બાળકનું માનસ સમજીને સમજદારીપૂર્વક શોધી કાઢવાની હોય છે.

**અને છેલ્લે :**

શરૂઆત ભલે નાની હોય, પણ મક્કમ નિર્ધાર હોય, યોજના અને પ્લાનિંગ સાથે કામ કર્યું હોય, એનો પ્રચાર અને પ્રસાર યોગ્ય રીતે થયો હોય, સૌનો સાથ અને સહકાર લઈને કામનું આયોજન થયું હોય, ત્યારે એ કામ સફળતાને વરે છે.... આપણે 'સ્વ'નો વિચાર નહીં પણ 'પર'નો વિચાર કરવો જોઈએ.....

If undelivered return to:
**PAGTHAR**
Gujarati - Monthly
**SHRI SARJAN YUVAK SANGH**
6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay Amratlal Vyas.